સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

CURRENT AFFAIRS

## WEEK 09

(27/02/22 to 05/03/22)

સંપાદક

મૌલિક ગોંધિયા

(Director - ICE)


GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલાર્ક, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

ગુજરાતનો ઈતિહાસ

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ગુજરાતનો ઇતિહાસ વિષયમાં તમામ પરીક્ષાલક્ષી વિગતોને પદ્ધતિસર આવરી લેતું પુસ્તક
- પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક ગુજરાતમાં વિભાગને અંતે Most IMP Topic અલગ ચેપ્ટર સ્વરૂપે
- યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, GCERT તથા NCERTના ઈતિહાસના પુસ્તકોના વિશેષ સંદર્ભનો નિચોડ
- ઈતિહાસની તમામ ઘટનાઓને ક્રમબદ્ધ રીતે આલેખવામાં આવેલું પુસ્તક




ફ્રી બુક લેટ 1700+ MCQ નો સમાવેશ

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને www.iceonline.in પર ઉપલબ્ધ છે.


JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.


CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**27 FEB-2022**

- દિવસ મહિમા : 27 ફેબ્રુઆરી, World NGO Day, રાષ્ટ્રીય પ્રોટીન દિવસ ..... 02
- રશિયા અને યુક્રેન યુદ્ધ ..... 02
- મંદિર વસ્તુકલા પર સંમેલન : દેવાયતનમ ..... 11
- QUESTION ANSWERS ..... 12

**28 FEB-2022**

- દિવસ મહિમા : 28 ફેબ્રુઆરી, રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ (National Science Day) ..... 14
- રશિયન બેંકોને SWIFTમાંથી બહાર કરવામાં આવી ..... 14
- રશિયાના યુક્રેન પરના આક્રમણની નિંદા કરતો સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનો ઠરાવ ..... 16
- ઓપરેશન ગંગા (Operation Ganga) ..... 18
- QUESTION ANSWERS ..... 21

**01 MAR-2022**

- દિવસ મહિમા : 1 માર્ચ, વિશ્વ નાગરિક સંરક્ષણ દિવસ, શૂન્ય ભેદભાવ દિવસ સ્વ-ઈજા જાગૃતિ દિવસ, મહાવદ તેરસ, મહાશિવરાત્રી.... 22
- ગરીબ કલ્યાણ મેળાના 12મા તબક્કાનો દાહોદથી રાજ્યવ્યાપી પ્રારંભ ..... 22
- સુશ્રી મીરાબાઈ ચાનુએ સિંગાપોર ઈન્ટરનેશનલ વેઈટલિફ્ટિંગ ઈવેન્ટમાં ગોલ્ડ જીત્યો ..... 23
- ભવનાથનો મહાશિવરાત્રીનો મેળો ..... 23
- ભારતીય રેલવેનો પ્રથમ સૌર ઊર્જા પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યો ..... 24
- QUESTION ANSWERS ..... 25

**02 MAR-2022**

- સુશ્રી માધબી પુરી બુચ SEBIના પ્રથમ મહિલા અધ્યક્ષ બન્યા ..... 26
- એશિયાનો સૌથી મોટો બાયો CNG પ્લાન્ટ (ગોબર-ધન બાયો CNG પ્લાન્ટ) ..... 27
- શ્રી યજ્ઞેશ દવેને ગુજરાતી ભાષામાં તેમનો કાવ્યસંગ્રહ ‘ગંધમજૂષા’ માટે સાહિત્ય અકાદમી પુરસ્કાર 2021 માટે પસંદ કરવામાં આવ્યા.... 28
- QUESTION ANSWERS ..... 30

**03 MAR-2022**

- દિવસ મહિમા : 03 માર્ચ, વિશ્વ વન્ય જીવ દિવસ, વિશ્વ શ્રવણ દિવસ ..... 31
- સૌર ઊર્જા સંચાલિત કોર્ણાક સૂર્યમંદિર ..... 31
- ઈન્ટરનેશનલ મોનસૂન પ્રોજેક્ટ ઓફિસ (IMPO) ..... 32
- QUESTION ANSWERS ..... 33

**04 MAR-2022**

- દિવસ મહિમા : 4 માર્ચ, રાષ્ટ્રીય સુરક્ષા દિવસ ..... 34
- ભારત અને ITU દ્વારા Host Country Agreement પર હસ્તાક્ષર ..... 34
- સાગર પરિક્રમા (Sagar Parikrama) ..... 35
- ઓસ્ટ્રેલિયાના મહાન ક્રિકેટર શ્રી શેન વોર્નનું નિધન ..... 36
- QUESTION ANSWERS ..... 37

**05 MAR-2022**

- દાદા સાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ 2022ની જાહેરાત ..... 38
- State of India’s Environment Report 2022 ..... 39
- QUESTION ANSWERS ..... 42

**ONE LINER** ..... 43

**QUESTION OF THIS WEEK** ..... 49


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

દિવસ મહિમા : 27 ફેબ્રુઆરી, (1) World NGO Day
(2) રાષ્ટ્રીય પ્રોટીન દિવસ

## રશિયા અને યુક્રેન યુદ્ધ



તાજેતરમાં રશિયાએ યુક્રેનની રાજધાની કિવ સહિત અનેક શહેરોમાં મિસાઈલ્સ અને બોમ્બમારો કર્યો છે.

- જેમાં અનેક લોકોના મૃત્યુ થયા છે અને સરકારી ઈમારતો ધરાશાયી થઈ છે.

### રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધનું કારણ શું છે ?

યુક્રેન અમેરિકાની આગેવાની હેઠળના **NATO સંગઠનનું** સભ્ય બનવા માંગે છે, પરંતુ રશિયા ઈચ્છતુ નથી કે યુક્રેન આ સંગઠનમાં જોડાય.

- યુક્રેનની યુરોપિયન યુનિયન સાથે વધતી નિકટતા રશિયાને પસંદ આવી ન હતી.
- રશિયાએ અમેરિકા અને NATO પાસે ગેરંટી માંગી હતી કે યુક્રેનને NATOનું સભ્ય નહીં બનાવાય, પરંતુ અમેરિકા અને NATO દેશો આવી ગેરંટી આપવા તૈયાર થયા ન હતા.
- રશિયાને ડર હતો કે જો યુક્રેન NATO દેશોનું સભ્ય બન્યુ તો યુરોપના અને અમેરિકાના સૈનિકોની તૈનાતી રશિયાની બોર્ડર સુધી થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### યુક્રેનનો પ્રારંભિક ઈતિહાસ

લગભગ એક સહસ્ત્રાબ્દી (એક હજાર વર્ષ) પહેલાં હાલનું યુક્રેન 'કિવિયન રશિયા' (કિવિયાઈ)ના કેન્દ્રમાં હતું.

- કિવિયાઈ રશિયા એ પૂર્વ અને ઉત્તરીય યુરોપના પૂર્વીય સ્લાવ, બાલ્ટિક અને ફિનિક લોકોનું એક સંઘ હતું, જેની રાજધાની કિવ હતી.
- આધુનિક યુક્રેન, રશિયા અને બેલારૂસનો સાંસ્કૃતિક ઈતિહાસ 'કિવિયાઈ રશિયા'માં સમાયેલો છે.
- કિવિયાઈ રશિયા 10મી અને 11મી સદીમાં તેના સૌથી મોટા કદ સુધી પહોંચ્યું હતું.
- 13મી સદીના મધ્યમાં બાયઝેન્ટાઈન સામ્રાજ્યનું પતન થયું હતું. જેના કારણે વેપારમાં ઘટાડો થવાથી 'કિવિયાઈ રશિયા' નોંધપાત્ર રીતે નબળુ પડયું હતું અને ત્યારબાદ મંગોલ ગોલ્ડન હોર્ડના આક્રમણથી સંપૂર્ણપણે વિખરાઈ ગયું હતું.
- અંતે 1240માં કિવિયાઈ રશિયા બરતરફ કરવામાં આવ્યું હતું.
- 15મી સદીની શરૂઆતમાં ભૂતપૂર્વ 'કીવાન રુસ'ના મોટા ભાગોને લિથુઆનિયાના બહુવંશીય 'ગ્રાન્ડ ડચી'માં સામેલ કરવામાં આવ્યા હતા.

- **1569**માં યુનિયન ઓફ લ્યુબ્લિયન, પોલેન્ડ અને લિથુઆનિયાના ગ્રાન્ડ ડચીએ મળીને પોલીશ–લિથુઆનિયન કોમનવેલ્થની રચના કરી હતી જે તે સમયે યુરોપના સૌથી મોટા દેશમાંનો એક હતો.
- આધુનિક યુક્રેનિયન રાષ્ટ્રીય ઓળખની શરૂઆત આ ઘટના પછી લગભગ એક સદી પછી શોધી શકાય છે.

નોંધ : (1) બાયઝેન્ટાઈન સામ્રાજ્ય જેને બાયઝેન્ટિયમ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે રોમન સામ્રાજ્યનો પૂર્વ ભાગ હતો. અને તે કોન્સ્ટેન્ટિનોપલ (આધુનિક ઈસ્તંબલ)માં સ્થિત હતું.

(2) 'ગોલ્ડન હોર્ડ' એ સ્થાયી મંગોલોનું જૂથ હતું. જેણે 1240 થી 1502 સુધી રશિયા, યુક્રેન, કઝાકિસ્તાન, મોલ્ડોવા અને કાકેશસ પર શાસન કર્યુ હતું.

## યુક્રેન




યુક્રેન એ પૂર્વ યુરોપમાં સ્થિત એક દેશ છે.

- યુક્રેનની રાજધાની કિવ છે. જે નીપર નદી (Dnieper River)ના કિનારે ઉત્તર–મધ્ય યુક્રેનમાં સ્થિત છે.
- યુક્રેનની ઉત્તરમાં બેલારુસ, પૂર્વમાં રશિયા, દક્ષિણમાં એઝોવ સમુદ્ર અને કાળો સમુદ્ર, દક્ષિણ–પશ્ચિમમાં મોલ્ડોવા અને રોમોનિયા, પશ્ચિમમાં હંગેરી, સ્લોવકિયા અને પોલેન્ડ છે.
- દૂર દક્ષિણપૂર્વમાં યુક્રેન રશિયાથી કેચ સ્ટ્રેટ (અથવા જલડમરૂમધ્ય) દ્વારા અલગ થાય છે, જે એઝોવ સમુદ્રને કાળા સમુદ્ર સાથે જોડે છે.
- તે 6,03,550 વર્ગ કિમી. ક્ષેત્રફળ સાથે રશિયા પછી યુરોપનો બીજો સૌથી મોટો દેશ છે.
- જુલાઈ 2021માં યુક્રેનની વસતી 43.7 મિલિયન હોવાનો અંદાજ હતો.
- તેમાંથી યુક્રેનિયન અને રશિયન બોલનારા અનુક્રમે 67.5 અને 29.6% વસતી ધરાવે છે.
- GDP અને માથાદીઠ GDPની દષ્ટિએ યુક્રેન સૌથી ગરીબ દેશ છે.
- તેની પાસે લોહ અયસ્ક અને કોલસાનો ભંડાર છે.
- તે મકાઈ, સૂર્યમુખી તેલ, આયર્ન ઉત્પાદનો અને ઘઉંની નિકાસ કરે છે.

## યુક્રેન અને રશિયા

18મી સદીમાં રશિયન મહારાણી કેથરિન ધ ગ્રેટ (1762-96)એ સમગ્ર વંશીય યુક્રેનિયન પ્રદેશને રશિયન સામ્રાજ્ય સાથે જોડી દીધો હતો.

- રૂસીકરણની ઝારવાદી નીતિ દ્વારા યુક્રેનિયનો સહિત વંશીય ઓળખ અને ભાષાઓનું દમન કરવામાં આવ્યું હતું.
- જોકે રશિયન સામ્રાજ્યની અંદર ઘણા યુક્રેનિયનો સમૃદ્ધિ અને મહત્વના સ્થાનો પર પહોંચ્યા હતા અને મોટી સંખ્યામાં રશિયાના અન્ય ભાગોમાં સ્થાયી થયા હતા.
- 3.5 મિલિયનથી વધુ યુક્રેનિયનો પ્રથમ વિશ્વયુદ્ધમાં રશિયન સામ્રાજ્યની બાજુમાં લડયા હતા અને ઓછી સંખ્યામાં ઓસ્ટ્રો–હંગેરિયનોની સાથે ઝારની સેના સામે લડયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## યુક્રેન અને USSR

પ્રથમ વિશ્વયુદ્ધ ઝાર સામ્રાજ્ય અને ઓટ્ટોમન સામ્રાજ્ય બંનેના અંત તરફ દોરી ગયું હતું.

- મુખ્યત્વે સામ્યવાદી આગેવાની હેઠળની યુક્રેનિયન રાષ્ટ્રીય ચળવળ ઉભરી આવી હતી જેમાંથી ઘણા નાના યુક્રેયન રાજ્યો ઉભરી આવ્યા હતા.
- **1917**ની ઓક્ટોબર ક્રાંતિમાં બોલ્શેવિક્સ સત્તા પર આવ્યાના કેટલાક મહિનાઓ પછી સ્વતંત્ર યુક્રેનિયન પીપલ્સ રિપબ્લિકની ઘોષણા કરવામાં આવી હતી.
- પરંતુ યુક્રેનિયન જૂથો, અરજકતાવાદીઓ, ઝારિસ્ટ સામ્રાજ્ય અને પોલેન્ડ સહિત સત્તાના વિવિધ દાવેદારો વચ્ચે ગૃહયુદ્ધ ચાલુ રહ્યું હતું.
- વર્ષ **1922**માં યુક્રેન સોવિયત સમાજવાદી પ્રજાસત્તાક સંઘ **(USSR)**નો એક ભાગ બન્યો હતો.

## USSRના પતન પછી યુક્રેનની સ્થિતિ

વર્ષ **1991**માં **USSR** નાબૂદ કરવામાં આવ્યું હતું.

- યુક્રેનમાં સ્વતંત્રતાની માંગ પહેલા કેટલાક વર્ષોથી વધી રહી હતી અને વર્ષ **1990**માં **3** લાખથી વધુ યુક્રેનિયનોએ સ્વતંત્રતાના સમર્થનમાં માનવ સાંકળ બનાવી હતી.
- આ પછી ગ્રેનાઈટ ક્રાંતિ થઈ જ્યારે યુક્રેનના વિદ્યાર્થીઓએ **USSR** સાથે નવા કરાર પર હસ્તાક્ષર કરવાની માંગ કરી હતી.
- **24 ઓગસ્ટ, 1991**ના રોજ રાષ્ટ્રપતિ મિખાઈલ ગોર્બાચેવને હટાવવા અને સામ્યવાદીઓને સત્તા પર પુનઃ સ્થાપિત કરવા માટેના બળવાની નિષ્ફળતા પછી યુક્રેનની સંસદે દેશનો સ્વતંત્રતા કાયદો અપનાવ્યો હતો.
- ત્યારબાદ સંસદના વડા લિયોનીદ ક્રાવચુક યુક્રેનના પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા હતા.
- ડિસેમ્બર **1991**માં બેલારૂસ, રશિયા અને યુક્રેનના નેતાઓએ કોમનવેલ્થ ઓફ ઈન્ડિપેન્ડન્ટ સ્ટેટ્સ **(CIS)** (સ્વતંત્ર રાજ્યોનું રાષ્ટ્રમંડળ)ની રચના કરવા માટે સોવિયેત યુનિયનના સભ્યપદનો ઔપચારિક ત્યાગ કર્યો હતો.
- જોકે યુક્રેનની સંસદ વેરખોવ્ના રાડા **(Verkhovna Rada)**એ ક્યારેય આ જોડાણને બહાલી આપી નથી, યુક્રેન કાયદેસર રીતે ક્યારેય **CIS**નું સભ્ય ન હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રશિયા-યુક્રેન સંઘર્ષનો તાજેતરનો ઈતિહાસ

પૂર્વીય યુક્રેનનો ડોનબાસ પ્રદેશ (ડોનેત્સક અને લુહાન્સ્ક પ્રદેશો) વર્ષ 2014થી રશિયા તરફી અલગતાવાદી આંદોલનનો સામનો કરી રહ્યા છે.

- આ આંદોલન ક્રિમિયામાં રશિયન સૈન્ય હસ્તક્ષેપ પછી શરૂ થયું હતું. જ્યારે યુક્રેનના ક્રિમીયન દ્વીપકલ્પને જોડવામાં આવ્યું હતું.
- ત્યારબાદ એપ્રિલ, 2014મા રશિયા તરફી બળવાખોરોએ પૂર્વીય યુક્રેન પ્રદેશ પર કબજો કરવાનું શરૂ કર્યુ હતું. રશિયાએ તેમને વર્ણસંકર યુદ્ધ દ્વારા સમર્થન આપ્યું હતું.
- ત્યારબાદ મે 2014મા ડોનેત્સક અને લુહાન્સ્ક પ્રદેશોમાં બળવાખોરોએ યુક્રેનથી સ્વતંત્રતા જાહેર કરવા માટે લોકમત યોજયો હતો.
- ત્યારથી યુક્રેનની અંદર મુખ્યત્વે રશિયન બોલતા વિસ્તારોમાં (જ્યાં 70%થી વધુ લોકો રશિયન બોલે છે) વિદ્રોહીઓ અને યુક્રેનિયન દળો વચ્ચે તોપમારો અને લડાઈ ચાલુ રહી છે.
- જેમાં 14,000થી વધુ લોકોના મૃત્યુ થયા છે. તેમજ સેંકડો લોકો આંતરિક રીતે વિસ્થાપિત થયા છે. આ ઉપરાંત સ્થાનિક અર્થતંત્રને પણ નોંધપાત્ર અસર થઈ છે.
- ઓક્ટોબર 2021થી ગોળીબારી અને તોપમારો વધુ તીવ્ર બન્યો છે, રશિયાએ યુક્રેન સાથેની સરહદો પર સૈનિકો તૈનાત કર્યા ત્યારથી આ તણાવ વધ્યો છે.
- તાજેતરમાં યુક્રેને NATOને સંગઠનમાં જોડાવવાની પ્રક્રિયા ઝડપી બનાવવા વિનંતી કરી હતી.
- રશિયાએ આવા પગલાને 'રેડ લાઈન' જાહેર કરી અને યુએસની આગેવાની હેઠળના લશ્કરી જોડાણના તેના દેશની સરહદોની નજીક વિસ્તરણના પરિણામો અંગે ચિંતા વ્યક્ત કરી હતી.
- જેના કારણે રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ છેડાયું છે.

## મિન્સ્ક કરાર

આ પૃષ્ટભૂમિમાં બે મિન્સ્ક કરારો પણ સામેલ છે : મિન્સ્ક-1 અને મિન્સ્ક-2

- જેનું નામ બેલારૂસની રાજધાની મિન્સ્કના નામ પરથી રાખવામાં આવ્યું છે, જ્યાં આ સંદર્ભમાં વાટાઘાટો કરવામાં આવી હતી.

## મિન્સ્ક-1

મિન્સ્ક-1 કરાર સપ્ટેમ્બર 2014માં યુક્રેન ત્રિપક્ષીય સંપર્ક જૂથ (એટલે કે યુક્રેન, રશિયા અને ઓર્ગેનાઈઝેશન ફોર સિક્યુરિટી એન્ડ કો–ઓપરેશન-OSCF) દ્વારા ફ્રાન્સ અને જર્મનીની મધ્યસ્થા સાથે 'નોર્મેન્ડી ફોર્મેટ'માં લખવામાં આવ્યું હતું.

- મિન્સ્ક-1 હેઠળ યુક્રેન અને રશિયા સમર્થિત બળવાખોરો 12 પોઈન્ટના યુદ્ધ વિરામ કરાર માટે સંમત થયા હતા. જેમાં કેદીઓનું વિનિમય, માનવતાવાદી સહાય અને ભારે શસ્ત્રો પાછા ખેંચવાનો સમાવેશ થાય છે.
- જો કે બંને પક્ષો દ્વારા કરાયેલા ભંગને કારણે આ કરાર લાંબો સમય ચાલ્યો ન હતો.

## મિન્સ્ક-2

જેમ જેમ બળવાખોરો યુક્રેનમાં આગળ વધ્યા તેમ ફેબ્રુઆરી 2015માં રશિયા, યુક્રેન, OSCF ના પ્રતિનિધિઓ અને ડોનેત્સક તથા લુહાન્સ્કના નેતાઓએ એક નવા 13 પોઈન્ટ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા, જે હવે 'મિન્સ્ક-2' કરાર તરીકે ઓળખાય છે.

- નવા કરારમાં યુક્રેન કાયદા અનુસાર તાત્કાલિક યુદ્ધ વિરામ, ભારે શસ્ત્રો પાછા ખેંચવા, OSCF સર્વેલન્સ, ડોનેત્સ્ક અને લુહાત્સ્ક માટે વચગાળાની સ્વ–સરકાર પર વાટાઘાટોની જોગવાઈ શામેલ છે.
- સંસદ દ્વારા વિશેષ દરજ્જાની સ્વીકૃતિ, લડવૈયાઓની માફી, બંધકો અને કેદીઓની આપ–લે, માનવતાવાદી સહાય વગેરે સંબંધિત પણ જોગવાઈઓ હતી.
- જોકે આ જોગવાઈઓનો અમલ કરવામાં આવ્યો નથી, કારણ કે 'મિન્સ્ક' કરાર લોકપ્રિય રીતે 'પઝલ' તરીકે જાણીતો છે.
- આનો અર્થ એ છે કે યુક્રેન અને રશિયા વચ્ચેના કરારનું વિરોધોભાસી અર્થઘટન છે.

## ડોનેત્સ્ક અને લુહાન્સ્ક

રશિયા અને યુક્રેન વચ્ચે તણાવ વધી રહ્યો છે ત્યારે આ દરમિયાન રશિયાના પ્રમુખ શ્રી વ્લાદિમીર પુતિને એક મોટું પગલું ભર્યુ છે.

- તેમણે પૂર્વીય યુક્રેનમાં સ્થિત ડોનેત્સ્ક અને લુહાન્સ્ક પ્રદેશોને સ્વતંત્રતા પ્રદેશો તરીકે માન્યતા આપી છે.

નોંધ : (1) USSRનું પૂરું નામ 'Union of Soviet Socialist Republics' છે.

(2) USSR 1922થી 1991 સુધી અસ્તિત્વમાં હતું.

(3) USSR 1991માં તેના વિઘટન પહેલાં કુલ 15 પ્રજાસત્તાક રાષ્ટ્ર ધરાવતું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



# NATO

**NATOનું પૂરું નામ <u>'North Atlantic Treaty Organization'</u> છે.**

- નાટો એક <u>અર્ધ સરકારી સૈન્ય ગઠબંધન</u> છે.
- તેની સ્થાપના **<u>4 એપ્રિલ, 1949</u>**ના રોજ થઈ હતી.
- અમેરિકા, કેનેડા તથા પશ્ચિમ યુરોપના **10** દેશો સહિત કુલ **12** દેશો દ્વારા વોશિંગ્ટન સંધિ (અથવા તો ઉત્તર એટલાન્ટિક સંધિ) પર હસ્તાક્ષર કરીને તેની સ્થાપના કરવામાં આવી હતી.
- તેનું હેડક્વાર્ટર <u>બેલ્જિયમ</u>ના <u>બ્રુસેલ્સ</u> ખાતે આવેલું છે.
- નાટોની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ ઉત્તર અમેરિકા અને યુરોપના દેશોને તેમની સામૂહિક સુરક્ષા માટે એકજૂથ કરવાનો છે.
- આ માટે રાજકીય, આર્થિક, વૈજ્ઞાનિક તથા સૈન્ય ક્ષેત્રે એકબીજાના દેશોને સહયોગ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે.
- નાટો દેશો દ્વારા <u>'સંગઠિત રક્ષણ'</u>નો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે. આ સિદ્ધાંત અનુસાર જો નાટોના સભ્ય દેશોમાંથી કોઈ એક દેશ અથવા તો એકથી વધુ દેશો વિરુદ્ધ સશસ્ત્ર હુમલો કરવામાં આવે......તો તે હુમલો નાટોના તમામ દેશો વિરુદ્ધ ગણાશે.
- નાટોમાં વર્તમાન **30** દેશો છે જે આ મુજબ છે :

| | | | |
|---|---|---|---|
| **(1)** | અમેરિકા | **(16)** | લાતવિયા |
| **(2)** | યુનાઈટેડ કિંગ્ડમ | **(17)** | ઈટાલી |
| **(3)** | તુર્કી | **(18)** | આઈસલેન્ડ |
| **(4)** | સ્પેન | **(19)** | હંગેરી |
| **(5)** | સ્લોવેનિયા | **(20)** | ગ્રીસ |
| **(6)** | સ્લોવેકિયા | **(21)** | જર્મની |
| **(7)** | રોમાનિયા | **(22)** | ફ્રાન્સ |
| **(8)** | પોર્ટુગલ | **(23)** | એસ્ટોનિયા |
| **(9)** | પોલેન્ડ | **(24)** | ડેનમાર્ક |
| **(10)** | નોર્વે | **(25)** | ચેક રિપબ્લિક |
| **(11)** | ઉત્તર મેસેડોનિયા | **(26)** | ક્રોએશિયા |
| **(12)** | નેધરલેન્ડ | **(27)** | કેનેડા |
| **(13)** | મોન્ટેનેગ્રો | **(28)** | બલ્ગેરિયા |
| **(14)** | લક્ઝમબર્ગ | **(29)** | બેલ્જિયમ |
| **(15)** | લિથુઆનિયા | **(30)** | અલ્બેનિયા |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

નોંધ : (1) નાટોનું ઔપચારિક નામ 'Organisation du Traite de I'Atlantique Nord' છે. તેને ટૂંકમાં OTAN તરીકે પણ ઓળખવામાં આવે છે.

(2) નાટોમાં સૌથી છેલ્લે શામેલ થનાર દેશનું નામ ઉત્તર મેસોડોનિયા છે. તે 27 માર્ચ 2020ના રોજ નાટોનું સભ્ય બન્યું હતું.

## રશિયા અને યુક્રેન

| રશિયા | | યુક્રેન | |
|---|---|---|---|
| ● રાજધાની : | મોસ્કો | ● રાજધાની : | કિવ |
| ● વિસ્તાર/ક્ષેત્રફળ : | 17,125,191 વર્ગ કિમી. (6,612,073 ચોરસ માઈલ) | ● વિસ્તાર/ક્ષેત્રફળ : | 603,550 વર્ગ કિમી (233,030 ચોરસ માઈલ) |
| ● સૌથી મોટું શહેર : | મોસ્કો | ● સૌથી મોટું શહેર : | કિવ |
| ● ચલણ : | રશિયન રૂબલ | ● ચલણ : | યુક્રેનિયન રિવનિયા (Ukrainian hryunia) |
| ● સત્તાવાર ભાષા : | રશિયન | ● સત્તાવાર ભાષા : | યુક્રેનિયન |
| ● સંસદ/ધારાસભ્ભા : | ડ્યૂમા | ● સંસદ/ધારાસભ્ભા : | વેરખોવ્ના રાડા |
| ● વર્તમાન રાષ્ટ્રપતિ : | વ્લાદિમીર પુતિન | ● વર્તમાન રાષ્ટ્રપતિ : | વોલોડીમીર ઝેલેન્સકી |
| ● વર્તમાન વડાપ્રધાન : | મિખાઈલ મિશુસ્તિન | ● વર્તમાન વડાપ્રધાન : | ડેનિશ શ્મિહાલ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## યુક્રેન-ભારત સંબંધો

એશિયા પેસિફિક ક્ષેત્રમાં ભારત યુક્રેનનું સૌથી મોટું નિકાસ સ્થળ છે.

- ભારત એ યુક્રેનનો સૂર્યમુખી તેલનો મુખ્ય નિકાસકાર છે, ત્યારબાદ અકાર્બનિક રસાયણો, આયર્ન અને સ્ટીલ, પ્લાસ્ટિક અને રસાયણો આવે છે.
- ભારતથી યુક્રેનમાં મુખ્ય આયાત ફાર્માસ્યુટિક્લ ઉત્પાદનો છે.
- ભારતનું દૂતાવાસ યુક્રેનની રાજધાની કિવમાં છે જ્યારે યુક્રેનનું દૂતાવાસ ભારતના દિલ્હીમાં સ્થિત છે.
- 1991મા યુક્રેનને પ્રજાસત્તાકની સાર્વભૌમ દેશ તરીકે માન્યતા આપ્યા બાદ જાન્યુઆરી, 1992મા રાજદ્વારી સંબંધો સ્થાપિત કર્યા હતા.
- કિવમાં ભારતીય દૂતાવાસ 1992માં ખોલવામાં આવ્યું હતું જ્યારે યુક્રેને ફેબ્રુઆરી 1993માં નવી દિલ્હી ખાતે દૂતાવાસ ખૂલ્યું હતું.
- ભૂતપૂર્વ સોવિયત યુનિયનમાં રશિયા પછી યુક્રેન ભારતનું બીજુ સૌથી મોટું વેપાર ભાગીદાર છે.

## ભારત-રશિયા સંબંધો



ભારત અને સોવિયત સંઘ (USSR) વચ્ચે મજબૂત વ્યૂહાત્મક, લશ્કરી, આર્થિક અને રાજદ્વારી સંબંધો હતા.

- સોવિયત યુનિયનના વિઘટન પછી રશિયાને ભારત સાથેના ગાઢ સંબંધો વારસામાં મળ્યા હતા જેના પરિણામે બંને રાષ્ટ્રો એક વિશેષ સંબંધ ધરાવે છે.
- ભારત અને રશિયા બંને આ સંબંધને 'વિશેષ અને વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારી' તરીકે ઓળખે છે.
- પરંપરાગત રીતે ભારત–રશિયન વ્યૂહાત્મક ભાગીદારી પાંચ ઘટકો પર બાંધવામાં આવી છે : રાજકીય, સંરક્ષણ, નાગરિક પરમાણુ ઊર્જા, આતંકવાદ વિરોધી સહકાર અને અવકાશ.
- IRIGC (ભારત–રશિયા આંતરસરકારી આયોગ) એ મુખ્ય સંસ્થા છે, જે બંને દેશો વચ્ચે સરકારી બાબતોનું સંચાલન કરે છે.
- બંને દેશો UN, BRICS, G20 અને SCO સહિતની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના સભ્યો છે.
- ભારતનું દૂતાવાસ મોસ્કોમાં છે. તથા બે કોન્સ્યુલેટ–જનરલ સેન્ટ–પીટર્સબર્ગ અને વ્લાદિવોસ્તોકમાં છે.
- રશિયાનું દૂતાવાસ નવી દિલ્હીમાં આવેલું છે. તથા છ કોન્સ્યુલેટ–જનરલ ચેન્નાઈ,ગોવા, હૈદરાબાદ, કોલકાતા, મુંબઈ અને તિરુવનંતપુરમમાં છે.
- વર્ષ 1971માં પાકિસ્તાન સાથેના યુદ્ધ સમયે સોવિયત યુનિયન (ભૂતપૂર્વ રશિયા) ભારત સાથે રહ્યું હતું.
- વર્ષ 1998માં યુકેને ભારતના પરમાણુ પરીક્ષણનો વિરોધ કર્યો હતો અને UN ઠરાવ 1172ની તરફેણમાં મતદાન કર્યુ હતું. પરંતુ રશિયા આ સમયે પણ ભારત સાથે રહ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત-રશિયા લશ્કરી સંબંધો

આઝાદી પછી તરત જ ભારત તેના શસ્ત્રોની આયાત માટે અંગ્રેજો અને અન્ય પશ્ચિમી દેશો પર લગભગ સંપૂર્ણપણે નિર્ભર હતું.

- જોકે સમય જતાં આ નિર્ભરતા ઘટી ગઈ અને 1970ના દાયકાથી ભારત USSR (હવે રશિયા) પાસેથી સંખ્યાબંધ શસ્ત્ર પ્રણાલીઓની આયાત કરી રહ્યું છે.
- રશિયાએ ભારતને પરમાણું સબમરીન, એરક્રાફ્ટ કેરિયર્સ, ટેન્કો, બંદૂકો, ફાઈટર જેટ વગેરે મહત્વપૂર્ણ શસ્ત્રો ભારતને સમયાંતરે પૂરા પાડ્યા છે.
- એક અંદાજ મૂજબ ભારતીય સશસ્ત્ર દળોમાં રશિયન મૂળના શસ્ત્રો અને પ્લેટફોર્મનો હિસ્સો 85% સુધી છે.
- રશિયા અમેરિકા પછી વિશ્વનો બીજો સૌથી મોટો શસ્ત્ર નિકાસકાર છે.
- શસ્ત્રોની હેરફારની બાબતમાં ભારત રશિયાનો સૌથી મોટા આયાતકાર દેશ છે.

# ભારત-રશિયા પાસેથી કયા સંરક્ષણ સાધનો ખરીદે છે ?

## સબમરીન

- ભારતને તેની પ્રથમ સબમરીન પણ સોવિયત સંઘ પાસેથી મળી હતી.
- USSR પાસેથી મેળવેલી પ્રથમ ફોક્સટ્રોટ ક્લાસ સબમરીન વર્ષ 1967માં INS કલવરી તરીકે ભારતીય સેનામાં દાખલ થઈ હતી.
- ભારતીય–નૌકાદળ પાસે કુલ 16 પરંપરાગત ડીઝલ–ઈલેક્ટ્રિક સબમરીનમાંથી આઠ સોવિયત મૂળની કિલો વર્ગની છે.

## ફ્રિગેટ્સ અને ગાઈડેડ-મિસાઈલ ડિસ્ટ્રોયર્સ

- નેવીના 10 ગાઈડેડ–મિસાઈલ ડિસ્ટ્રોયર્સમાંથી ચાર રશિયન કાશીન–ક્લાસના છે અને તેના 17 યુદ્ધ જહાજોમાંથી છ રશિયન તલવાર ક્લાસના છે.

## એરક્રાફ્ટ કેરિયર

- ભારતની સેવામાં એકમાત્ર એરક્રાફ્ટ કેરિયર INS વિક્રમાદિત્ય એ સોવિયેત–નિર્મિત કિવ–ક્લાસ જહાજ છે જેને 2013માં ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવ્યું હતું.

## મિસાઈલ કાર્યક્રમ

- ભારતનો મહત્વનો મિસાઈલ પ્રોગ્રામ રશિયા અથવા સોવિયેત યુનિયનની મદદથી વિકસાવવામાં આવ્યો હતો.
- બ્રહ્મોસ મિસાઈલ જેની નિકાસ ભારત ટૂંક સમયમાં શરૂ કરશે તેને રશિયા સાથે સંયુક્ત રીતે વિકસાવવામાં આવી છે.
- આ ઉપરાંત રશિયા S-400 એન્ટિ મિસાઈલ જેવી ઉચ્ચ ટેક્નોલોજી પ્રદાન કરે છે.

નોંધ : S-400 ટ્રાયમ્ફ એર–ડિફેન્સ સિસ્ટમ ડીલ અમેરિકાના પ્રતિબંધોના કારણે વર્તમાન જોખમમાં છે.

## ફાઈટર એરક્રાફ્ટ

- ભારતીય વાયુસેનામાં 667–એરક્રાફ્ટ ફાઈટર ગ્રાઉન્ડ એટેક (FGA) કાફલામાં 71% રશિયન મૂળ છે.
- જેમાં 39% SU-30s (Sukhoi), 22% Mig-215, 9% Mig 29s છે.
- સેવામાં તમામ છ એર ટેન્કર રશિયન બનાવટના IL-78s છે.

## યુદ્ધ ટેન્ક

- મુખ્યત્વે રશિયન T-72M1 (66%) અને T-90s (30%)થી બનેલી છે.

## રાઈફલ્સ

- ભારત અને રશિયાએ ઓગસ્ટ, 2021માં 'AK-103 રાઈફલ્સ' ખરીદવાના કરાર પર હસ્તાક્ષર કર્યા છે.
- આ કરાર અંતર્ગત ભારતીય સેના માટે રશિયા પાસેથી સંખ્યાબંધ AK-103 શ્રેણીની એસોલ્ટ રાઈફલો ખરીદવામાં આવી રહી છે.
- આ અગાઉ વર્ષ 2019માં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશના અમેઠી ખાતેના AK-203 Assault Rifle કારખાનાનું ઉદ્દઘાટન કર્યુ હતું.

## મંદિર વસ્તુકલા પર સંમેલન : દેવાયતનમ

તાજેતરમાં કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય અને પ્રવાસન મંત્રી શ્રી જી. કિશન રેડ્ડીએ કર્ણાટકના હમ્પીમાં ભારતના મંદિર સ્થાપત્ય પર એક અનોખી કોન્ફરન્સ 'દેવાયતનમ'નું ઉદ્દઘાટન કર્યુ હતું.

- તે આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે સંસ્કૃતિ મંત્રાલયના ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) દ્વારા 25-26 ફેબ્રુઆરીના રોજ આયોજન કરવામાં આવ્યું હતું.

### સંમેલનનું મહત્વ

આ પરિષદ વિશ્વમાં ભારતીય મંદિરો, કલા અને સ્થાપત્યની ભવ્યતાની ચર્ચા અને વિચાર–વિમર્શનું પ્લેટફોર્મ પૂરું પાડે છે.

- તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના એકંદર વિઝનને અનુરૂપ છે અને 5V'S પર આધારિત છે.
- એટલે કે વિકાસ, વારસો, વિશ્વાસ, જ્ઞાન જે આપણને વિશ્વગુરૂ બનવા તરફ દોરી શકે છે.
- દેવાયતનમ અથવા ભગવાનનું ઘર એ માત્ર પૂજા અને ધાર્મિક વિધિનું સ્થાન નથી પરંતુ તે શિક્ષણ, લલિત કળા, સંગીત, વિજ્ઞાન અને તકનીક, ધાર્મિક વિધિઓ અને પરંપરા અને પ્રવૃત્તિઓનું કેન્દ્ર પણ છે જે સમાજને આકાર આપે છે.
- તાજેતરના સમયમાં સરકારે મંદિરને નીચે મુજબનું પ્રોત્સાહન આપ્યું છે :

(a) કેન્દ્ર સરકારે યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સૂચિ માટે બેલુર અને સોમનાથપૂરના હોસલા મંદિરનો પ્રસ્તાવ મૂકયો છે.

(b) અયોધ્યામા ભગવાન શ્રીરામનું ભવ્ય મંદિર બનાવવામાં આવી રહ્યું છે.

(c) લગભગ 250 વર્ષ પછી ભારતની આધ્યાત્મિક રાજધાની–કાશીને ભક્તો માટે સુવિધાઓ અને બહેતર ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે નવજીવન આપવામાં આવ્યું છે.

(d) તેલંગાણા રાજ્યએ રૂ. 1000 કરોડના ખર્ચે બે મોટા પથ્થર કોતરેલા મંદિરો બનાવ્યા છે.

(e) બહેતર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વિશ્વકક્ષાની સુવિધાઓ દ્વારા વર્તમાન આધ્યાત્મિક સ્થળોને ભક્તો માટે સુલભ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'World NGO Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 27 ફેબ્રુઆરી (B) 28 ફેબ્રુઆરી (C) 1 માર્ચ (D) 2 માર્ચ — (A)

2. 'રાષ્ટ્રીય પ્રોટીન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 27 ફેબ્રુઆરી (B) 28 ફેબ્રુઆરી (C) 1 માર્ચ (D) 2 માર્ચ — (A)

3. તાજેતરમાં રશિયા અને કયા દેશ વચ્ચે ભિષણ યુદ્ધ થયું છે ?
(A) પોલેન્ડ (B) ઉત્તર મેસોડેનિયા
(C) યુક્રેન (D) ઈરાન — (C)

4. યુક્રેન એ..................માં સ્થિત એક દેશ છે.
(A) પૂર્વ આફ્રિકા (B) પૂર્વ યુરોપ (C) ઉત્તર અમેરિકા (D) મધ્ય એશિયા — (B)

5. યુક્રેન નીચેના પૈકી કયા સંગઠનનું સભ્ય બનવા માંગતુ હતું. જેના કારણે તાજેતરમાં યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધ છેડાયું છે ?
(A) NATO (B) BIMSTC (C) G-10 (D) SCO — (A)

6. યુક્રેન અને રશિયાની વાટાઘાટો માટેનો 'મિન્સ્ક-1' કરાર કયા વર્ષે થયો હતો ?
(A) 2003 (B) 2006 (C) 2009 (D) 2014 — (D)

7. તાજેતરમાં રશિયાના રાષ્ટ્રપતિશ્રીએ પૂર્વીય યુક્રેનમાં સ્થિત કયા પ્રદેશને સ્વતંત્રતા પ્રદેશ તરીકે માન્યતા આપી હતી ?
(A) ડોનેત્સ્ક (B) લુહાન્સ્ક (C) (A) અને (B) બંને (D) એકપણ નહીં — (C)

8. USSR (સોવિયત સંઘ).............થી ............... સુધી અસ્તિત્વમાં હતું.
(A) 1902થી 1991 (B) 1922થી 1991 (C) 1941થી 1991 (D) 1949થી 1991 — (B)

9. NATOનું પૂરું નામ શું છે ?
(A) નોર્થ અમેરિકા ટ્રીટી ઓર્ગેનાઈઝેશન (B) નોર્થ એન્ટાર્કટિકા ટ્રીટી ઓર્ગેનાઈઝેશન
(C) નોર્થ અમેરિકા એન્ડ યુરોપ ટ્રીટી ઓર્ગેનાઈઝેશન (D) નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન — (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**10.** NATOને ટૂંકમાં બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?

(A) TONA (B) TOAN (C) ONAT (D) OTAN **(D)**

**11.** NATOના સંદર્ભમાં નીચેના પૈકી કયું/કયા વિધાનો સાચા નથી ?

1. નાટો એક અર્ધસરકારી સૈન્ય ગઠબંધન છે.
2. તેની સ્થાપના 4 એપ્રિલ, 1949ના રોજ થઈ હતી.
3. વોશિંગ્ટન સંધિ અથવા તો ઉત્તર એટલાન્ટિક સંધિ અંતર્ગત કુલ 12 દેશો દ્વારા તેની સ્થાપના કરવામાં આવી હતી.
4. તેનું હેડક્વાર્ટર બેલ્જિયમના એન્ટર્વ ખાતે આવેલું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2
(C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 4 **(D)**

**12.** NATOમાં વર્તમાન સમયે કેટલા સભ્ય દેશ છે ?

(A) 30 (B) 25 (C) 22 (D) 20 **(A)**

**13.** રશિયાની રાજધાનીનું નામ જણાવો ?

(A) કિવ (B) મોસ્કો
(C) સેન્ટ પિટર્સબર્ગ (D) નોવોસિબિર્સ્ક **(B)**

**14.** યુક્રેનની રાજધાનીનું નામ જણાવો ?

(A) કિવ (B) ખાર્કિવ (C) ઓડેસા (D) ડીનીપ્રો **(A)**

**15.** રશિયાના વર્તમાન રાષ્ટ્રપતિનું નામ જણાવો ?

(A) દિમિત્રી મેડવેડેવ (B) એલેકઝેન્ડ રૂત્સ્કોય
(C) એમ. વી. ડી. પૂતિન (D) વ્લાદિમીર પૂતિન **(D)**

**16.** યુક્રેનના વર્તમાન રાષ્ટ્રપતિનું નામ જણાવો ?

(A) એલેકઝાન્ડર તુર્ચિનોવ (B) વિક્ટર યાનુકોવિચ
(C) વિક્ટર યુશ્વેન્કો (D) વોલોડીમીર ઝેલેન્સ્કી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 28 ફેબ્રુઆરી, રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ (National Science Day)



ભારતમાં દર વર્ષે 28 ફેબ્રુઆરીના રોજ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 28 ફેબ્રુઆરી, 1928ના રોજ ભારતના પ્રસિદ્ધ ભૌતિકશાસ્ત્રી સર ચંદ્રશેખર વેંકટ રામને 'રામન ઈફેક્ટ'ની શોધ કરી હતી.
- આથી તેની યાદમાં ભારતમાં દર વર્ષે 28 ફેબ્રુઆરીના રોજ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2022ની 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની થીમ **'Integrated Approach in Science and Technology for a sustainable Future'** છે.

નોંધ : 'રામન ઈફેક્ટ'ની શોધ માટે સર ચંદ્રશેખર વેંકટરામન (અથવા તો શ્રી સી.વી. રામન)ને વર્ષ 1930માં ફિઝિક્સ (ભૌતિકશાસ્ત્ર)નો નોબલ પુરસ્કાર એનાયત થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રશિયન બેંકોને SWIFTમાંથી બહાર કરવામાં આવી




તાજેતરમાં યુ.એસ. અને યુરોપિયન કમિશને યુક્રેન પર રશિયાના હુમલાના વિરોધમાં 'સોસાયટી ફોર વર્લ્ડવાઈડ ઈન્ટરબેંક ફાઈનાન્સિયલ ટેલિકોમ્યુનિકેશન' (SWIFT) મેસેજિંગ સિસ્ટમમાંથી કેટલીક રશિયન બેંકોને બાકાત રાખવા માટે સંયુક્ત નિવેદન બહાર પાડ્યુ હતું.

- આ કાર્યવાહી પાછળનો હેતુ રશિયાને આંતરરાષ્ટ્રીય નાણાકીય વ્યવસ્થાથી અલગ કરવાનો છે.
- રશિયા સામેની આ કાર્યવાહી માત્ર આંશિક રીતે લાગુ કરવામાં આવી છે, જેમાં માત્ર કેટલીક રશિયન બેંકોને આવરી લેવામાં આવી છે.
- અમેરિકા અને તેના સાથી દેશોએ હાલમાં આગળના પગલા તરીકે રાષ્ટ્રવ્યાપી મંજૂરી તરીકે તેને લંબાવવાનો વિકલ્પ તરીકે રોકી રાખ્યો છે.

## SWIFT શું છે ?

**SWIFT** વિશ્વસનીય મેસેજિંગ પ્લેટફોર્મ પૂરું પાડે છે જે નાણાકીય સંસ્થાઓને નાણા ટ્રાન્સફર જેવા વૈશ્વિક નાણાકીય વ્યવહારો વિશે માહિતીની આપ–લે કરવા સક્ષમ બનાવે છે.

- જ્યારે **SWIFT** વાસ્તવિક રીતે રૂપિયાના વ્યવહારોનું સંચાલન કરતુ નથી, તે **200થી વધુ દેશો–પ્રદેશોમાં 11000થી** વધુ બેંકોને સુરક્ષિત નાણાકીય સંદેશા સેવાઓ પ્રદાન કરીને વ્યવહારની માહિતીને ચકાસવા માટે મધ્યસ્થી તરીકે કાર્ય કરે છે.
- મોટા ભાગનો વિશ્વ વેપાર **SWIFT** દ્વારા કરવામાં આવે છે.
- તેની સ્થાપના વર્ષ **1973**માં કરવામાં આવી હતી અને તે બેલ્જિયમમાં સ્થિત છે.
- બેલ્જિયમ ઉપરાંત તે કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઈટાલી, જાપાન, નેધરલેન્ડ, સ્વીડન, સ્વિત્ઝર્લેન્ડ, યુનાઈટેડ કિંગ્ડમ અને યુનાઈટેડ સ્ટેટ્સ જેવા **11** ઔદ્યોગિક દેશોની કેન્દ્રીય બેંકોની દેખરેખ રાખે છે.
- ભારતની નાણાકીય વ્યવસ્થાને **SWIFT**ની એક્સેસ છે.
- **SWIFT** પહેલા આંતરરાષ્ટ્રીય ફંડ ટ્રાન્સફર માટે મેસેજ વેરિફિકેશનનું એકમાત્ર વિશ્વસનીય માધ્યમ **Telex** હતું.
- ઓછી સ્પીડ, સુરક્ષા ચિંતાઓ અને ફ્રી મેસેજિંગ ફોર્મેટ જેવી અનેક સમસ્યાઓને કારણે તે બંધ કરવામાં આવ્યું હતું.

## રશિયા પર તેની અસર

રશિયાએ તેના મુખ્ય કુદરતી સંસાધન વેપાર, ખાસ કરીને તેલ અને ગેસની નિકાસ માટે ચૂકવણી કરવા માટે **SWIFT** પ્લેટફોર્મ પર ખૂબ નિર્ભર છે.

- આનાથી રશિયાની સેન્ટ્રલ બેંકની અસ્કયામતો (સંપત્તિ) સ્થિર થઈ જશે, જે રશિયાને તેના વિદેશી વિનિમય અનામતનો યુદ્ધ સંબંધિત પ્રવૃત્તિઓ માટે ઉપયોગ કરવાથી અટકાવશે.
- વધુમાં રશિયાની મધ્યસ્થ બેંક પરનો આ પ્રતિબંધ રશિયાને તેના પ્રભાવને મર્યાદિત કરવા માટે તેની વિદેશી ચલણની થાપણનો ઉપયોગ કરવાથી પણ અટકાવશે.
- આ અગાઉ માત્ર ઈરાન દેશ જ **SWIFT**થી અલગ હતો પરિણામે તેના વિદેશી વેપારનો એક તૃતીયાંશ ભાગ ગુમાવ્યો હતો.
- જોકે રશિયા 'સેન્ટ્રલબેંક ઓફ રશિયા' દ્વારા વિકસિત નાણાકીય સંદેશ ટ્રાન્સફર સિસ્ટમ **SPFS** (સિસ્ટમ ફોર ટ્રાન્સફર ઓફ ફાઈનાન્સિયલ મેસેજીસ) જેવા વિકલ્પો પર કામ કરી રહ્યું છે.
- રશિયા પણ ચીન સાથે સહયોગ કરી રહ્યું છે, જે **SWIFT** માટે સંભવિત પડકારરૂપ બનશે.
- આ ઉપરાંત રશિયા તેની સિસ્ટમને ચીનની 'ક્રોસ–બોર્ડર ઈન્ટર–બેંક પેમેન્ટ સિસ્ટમ' **(CIPS)** સાથે એકીકૃત કરવાની યોજના બનાવી રહ્યું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# રશિયાના યુક્રેન પરના આક્રમણની નિંદા કરતો સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનો ઠરાવ

તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)એ રશિયન આક્રમણની નિંદા કરવા અને યુક્રેનમાંથી રશિયન દળોને તાત્કાલિક પાછા ખેંચવા અને હિંસાનો અંત લાવવા માટે અમેરિકા અને અલ્બેનિયા દ્વારા લાવવામાં આવેલા ડ્રાફ્ટ ઠરાવ પર મતદાન કર્યુ હતું.

## ઠરાવ વિશે

કાઉન્સિલ દ્વારા આ ઠરાવ આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત સરહદોની અંદર યુક્રેનની સાર્વભૌમત્વ, સ્વતંત્રતા, એકતા અને પ્રાદેશિક અખંડિતતા પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને પુનઃ પુષ્ટિ કરે છે.

- ઠરાવ 'યુક્રેન સામે રશિયાના આક્રમણની સખત નિંદા કરે છે' અને હુકમ કરે છે કે રશિયા 'યુક્રેન વિરુદ્ધ બળનો ઉપયોગ તાત્કાલિક બંધ કરે તથા સંયુક્ત રાષ્ટ્રના કોઈપણ સભ્ય દેશ સામે કોઈપણ ગેરકાયદેસર ધાકધમકી અથવા બળનો ઉપયોગ ન કરે.'
- તેણે રશિયાને યુક્રેનના ડોનેત્સક અને લુહાન્સ્ક પ્રદેશોની પરિસ્થિતિ અંગેનો નિર્ણય તાત્કાલિક અને બિનશરતી રીતે પાછો ખેંચવા પણ હાકલ કરી હતી.
- ફેબ્રુઆરી મહિનાથી સુરક્ષા પરિષદના સ્થાયી સભ્ય અને અધ્યક્ષ માટે કોઈ ઠરાવ પસાર કરવામાં આવ્યો નથી અને આ ઠરાવમાં રશિયાએ તેના વીટોનો ઉપયોગ કર્યો છે.
- ઠરાવની તરફેણમાં **11 મત** મળ્યા જ્યારે ચીન, ભારત અને **UAE**એ મતદાનમાં ભાગ લીધો ન હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## United Nationsની Security Council શું છે ?

- યુનાઈટેડ નેશન્સની **Security Council** (સુરક્ષા પરિષદ) એ યુનાઈટેડ નેશન્સના મુખ્ય છ અંગોમાંનું એક અંગ છે.

### સંયુક્ત રાષ્ટ્રના મુખ્ય છ અંગો

(1) સુરક્ષા પરિષદ
(2) આંતરરાષ્ટ્રીય ન્યાયાલય
(3) સામાન્ય સભા
(4) સચિવાલય
(5) આર્થિક અને સામાજિક પરિષદ
(6) ટ્રસ્ટીશીપ કાઉન્સિલ

- સંયુક્ત રાષ્ટ્રના આ મુખ્ય છ અંગોમાંથી સુરક્ષા પરિષદ (Security Council)નું મુખ્ય કાર્ય આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવાનું છે.
- આ માટે સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદ પ્રસ્તાવો દ્વારા નીચેના નિર્ણયો લઈ શકે છે :

(1) આંતરરાષ્ટ્રીય શાંતિ જાળવવા માટેની કાર્યવાહી કરવી.

(2) આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો મુકવા.

(3) લશ્કરી કાર્યવાહી કરવી.

## સુરક્ષા પરિષદ (Security Council)ના સભ્યો

સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં 5 કાયમી અને 10 અલ્પકાલિક સભ્યો મળીને કુલ 15 સભ્ય હોય છે.

- જેમાં પાંચ કાયમી સભ્યોમાં ચીન, ફ્રાન્સ, રશિયા, બ્રિટન અને અમેરિકાનો સમાવેશ થાય છે.
- આ 10 સભ્યોમાંથી દર વર્ષે 5 સભ્યોની ચૂંટણી થાય છે.
- સુરક્ષા પરિષદના અધ્યક્ષ દર મહિને મૂળાક્ષર પ્રમાણે બદલાય છે. સુરક્ષા પરિષદના કોઈપણ સભ્ય તેના અધ્યક્ષ બની શકે છે.

## સુરક્ષા પરિષદમાં પ્રસ્તાવ મંજૂર કઈ રીતે થાય છે ?

સુરક્ષા પરિષદમાં કોઈપણ પ્રસ્તાવ તેના કુલ સભ્યોની બહુમતી દ્વારા પસાર કરવામાં આવે છે.

- જોકે, સુરક્ષા પરિષદના પાંચ કાયમી સભ્યોને 'વીટો પાવર' આપવામાં આવ્યો છે.
- આથી સુરક્ષા પરિષદના આ પાંચ કાયમી સભ્યોમાંથી જો કોઈ એક સભ્ય પણ પ્રસ્તાવ અંગે અસહમત હોય તો તે બહુમતી ધરાવતો પ્રસ્તાવ પણ પોતાના 'વીટો પાવર'નો ઉપયોગ કરીને રોકી શકે છે.
- તાજેતરમાં રશિયાએ તેના વીટો પાવરનો ઉપયોગ કર્યો છે.

નોંધ : (1) આ ઉપરાંત સંયુક્ત રાષ્ટ્રની 47 સભ્ય ધરાવતી માનવ અધિકાર પરિષદ (UNHRC)માં રશિયા વિરુદ્ધ અને યુક્રેનમાં માનવ અધિકારોની સ્થિતિ મુદ્દે એક મુસદ્દા પ્રસ્તાવ પર મતદાન કરવામાં આવ્યું હતું.

(2) આ મતદાનમાં પ્રસ્તાવના પક્ષમાં 32 મત પડયા હતા જ્યારે બે મત (રશિયા અને ઈરિટ્રિયા) એ પ્રસ્તાવના વિરુદ્ધમાં મતદાન કર્યુ હતું.

(3) જ્યારે ભારત, પાકિસ્તાન, સુદાન અને વેનેઝુએલા સહિત 13 દેશોએ ભાગ લીધો ન હતો.

(4) સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદ (UNHRC)નું મુખ્યમથક સ્વિત્ઝર્લેન્ડના જીનીવા ખાતે આવેલું છે.

(5) આ ઉપરાંત યુક્રેન પર રશિયાના આક્રમણની નિંદા કરવા માટે યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (UNGA) દ્વારા હાથ ધરવામાં આવેલા મતદાનમાં પણ ભારતે ભાગ લીધો ન હતો.

## ઓપરેશન ગંગા (Operation Ganga)

તાજેતરમાં યુદ્ધગ્રસ્ત યુક્રેનમાંથી ફસાયેલા ભારતીયોને પરત લાવવા માટે ભારત સરકાર દ્વારા 'ઓપરેશન ગંગા' શરૂ કરવામાં આવ્યું હતું.

### ઓપરેશન ગંગા



ઓપરેશન ગંગા એ યુદ્ધગ્રસ્ત યુક્રેનમાં ફસાયેલા તમામ ભારતીય નાગરિકોને પરત લાવવાનું એક સ્થળાંતર મિશન છે.

- વિદ્યાર્થીઓ સહિત લગભગ 20,000 ભારતીયો યુક્રેનમાં ફસાયા હતા.
- એર ઈન્ડિયા અને ભારતીય વાયુસેનાની ફ્લાઈટ્સ દ્વારા યુક્રેનથી તમામ ભારતીયોને સુરક્ષિત પરત લાવવામાં આવ્યા છે.
- ભારત સરકાર રોમાનિયા, હંગેરી, પોલેન્ડ અને સ્લોવોકિયાની સરહદોમાં ફસાયેલા ભારતીયોને કાઢવાની સુવિધા પણ આપી રહી છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ : (1) હાલ હજારોની સંખ્યામાં ભારતીયો યુક્રેનમાં ફસાયેલા હતા ત્યારે આ ઘટનાએ બીજા વિશ્વ યુદ્ધની યાદ અપાવી છે.

(2) યુક્રેનમાં ફસાયેલા ભારતીય વિદ્યાર્થીઓને પોલેન્ડે વગર વિઝાએ પ્રવેશવાની મંજૂરી આપી છે.

(3) બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન પોલેન્ડના સેંકડો અનાથ બાળકોને જામનગર (નવાનગર)ના જામસાહેબ શ્રી દિગ્વિજયસિંહજીએ આશ્રય આપ્યો હતો.

(4) આ બાળકોને બાલાચડી પાસેની જગ્યાએ કેમ્પ તૈયાર કરીને રાખવામાં આવ્યા હતા.

(5) શ્રી દિગ્વિજયસિંહજીએ 1942થી 1946 સુધી આશરે 4 વર્ષ સુધી બાળકોને આશરો આપ્યો હતો.

## ભારતના આ અગાઉના અન્ય નાગરિક બચાવ મિશન

| ક્રમ | મિશન/ઓપરેશનનું નામ | વિશેષતા |
|---|---|---|
| 1 | ઓપરેશન દેવીશક્તિ (2021) | • વર્ષ 2021માં ભારતે યુદ્ધગ્રસ્ત અફઘાનિસ્તાનમાંથી ભારતીય નાગરિકોને બહાર કાઢવા માટે 'ઓપરેશન દેવીશક્તિ' મિશન હાથ ધર્યુ હતું. |
| 2 | વંદે ભારત મિશન (2020) | • વર્ષ 2020માં કોરોના મહામારીના કારણે વિવિધ દેશમાં લોકડાઉન લાદવામાં આવ્યું હતું.<br>• આથી વિવિધ દેશોમાં મુસાફરી પર પ્રતિબંધના કારણે વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોને પરત લાવવા માટે આ મિશન હાથ ધરવામાં આવ્યું હતું.<br>• આ મિશન અંતર્ગત લગભગ 32 લાખ મુસાફરોને સુરક્ષિત ઘરે લાવવામાં આવ્યા હતા.<br>• આ અત્યાર સુધીનું સૌથી મોટું નાગરિક સ્થળાંતર ઓપરેશન છે. |
| 3 | ગલ્ફ વોર દરમિયાન સ્થળાંતર (1990-91) | • ગલ્ફ વોર દરમિયાન લગભગ 1,77,000 ભારતીયો ફસાયેલા હતા.<br>• તે સમયે એર ઈન્ડિયાએ લગભગ 500 ફ્લાઈટ્સનું સંચાલન કર્યુ હતું. |
| 4. | ઓપરેશન રાહત (2015) | • વર્ષ 2015માં યમન કટોકટી દરમિયાન ભારતીય સશસ્ત્ર દળો દ્વારા શરૂ કરાયેલા 'ઓપરેશન રાહત' અંતર્ગત 41 દેશોના 940 વિદેશી નાગરિકોની સાથે 4640થી વધુ ભારતીય નાગરિકોને યમનમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.<br>• આ ઓપરેશન દરિયાઈ અને હવાઈ એમ બંને માર્ગે કરવામાં આવ્યું હતું. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| ક્રમ | મિશન/ઓપરેશનનું નામ | વિશેષતા |
|---|---|---|
| 5 | ઓપરેશન મૈત્રી (2015) | ● વર્ષ 2015માં નેપાળમાં ભૂકંપ દરમિયાન બચાવ અને રાહત કામગીરી તરીકે ભારત સરકાર અને ભારતીય સશસ્ત્રદળો દ્વારા ઓપરેશન મૈત્રી હાથ ધરવામાં આવ્યું હતું. |
| 6 | ઓપરેશન સુરક્ષિત ઘર વાપસી (2011) | ● લિબિયાના ગૃહ યુદ્ધમાં ફસાયેલા ભારતીય નાગરિકોને બચાવવા માટે ભારત સરકારે 26 ફેબ્રુઆરી, 2011ના રોજ તેની શરૂઆત કરી હતી.<br>● આ ઓપરેશન અંતર્ગત 15000 નાગરિકોને બચાવવામાં આવ્યા હતા. |
| 7 | ઓપરેશન સુકૂન (2006) | ● વર્ષ 2006માં લેબેનોન યુદ્ધ દરમિયાન લેબેનોનામાં ફસાયેલા ભારત, શ્રીલંકા અને નેપાળના નાગરિકોની સુરક્ષિત ઘરવાપસી માટે આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. ભારતમાં 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 26 ફેબ્રુઆરી (B) 27 ફેબ્રુઆરી (C) 28 ફેબ્રુઆરી (D) 1 માર્ચ (C)

2. વર્ષ 2022ની 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની થીમ શું છે ?

(A) Integrated Approach in Science and Technology for a sustainable Future

(B) Integrated Approach in Science for Women

(C) Integrated Approach in Science for Nature

(D) Integrated Approach in Science for People (A)

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

3. તાજેતરમાં કયા દેશની બેંકોને SWIFT માંથી બહાર કરવામાં આવી છે ?

(A) બાંગ્લાદેશ (B) પોલેન્ડ

(C) નાઈજીરિયા (D) રશિયા (D)

4. તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)માં રશિયાના યુક્રેન પરના આક્રમણ વિરુદ્ધ અમેરિકા અને અલ્બેનિયા દ્વારા લાવવામાં આવેલા ડ્રાફ્ટ પર મતદાન થયું હતું. જેમાં ઠરાવની તરફેણમાં............ મત મળ્યા હતા. જોકે આ મતદાનમાં રશિયાએ તેના વિટોનો ઉપયોગ કર્યો હતો.

(A) 11 (B) 14 (C) 15 (D) 6 (A)

5. તાજેતરમાં યુદ્ધગ્રસ્ત યુક્રેનમાંથી ફસાયેલા ભારતીયોને પરત લાવવા માટે ભારત સરકાર દ્વારા કયું મિશન હાથ ધર્યુ છે ?

(A) ઓપરેશન દેવીશક્તિ (B) ઓપરેશન ગંગા

(C) ઓપરેશન વિજય (D) ઓપરેશન ઈન્ડિયા (B)

**દિવસ મહિમા : 1 માર્ચ,**

(1) વિશ્વ નાગરિક સંરક્ષણ દિવસ (World Civil Defence Day)

(2) શૂન્ય ભેદભાવ દિવસ (Zero Discrimination Day)

(3) સ્વ-ઈજા જાગૃતિ દિવસ (Self-Injury Awareness Day)

(4) મહાવદ તેરસ, મહાશિવરાત્રી

## ગરીબ કલ્યાણ મેળાના 12મા તબક્કાનો દાહોદથી રાજ્યવ્યાપી પ્રારંભ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગરીબ કલ્યાણ મેળાના 12મા તબક્કાનો રાજ્યવ્યાપી પ્રારંભ વનબંધુ વિસ્તાર દાહોદથી કરાવ્યો હતો.

- આ પ્રસંગે શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતુ કે ગરીબ કલ્યાણ મેળાઓએ ગરીબોમાં 'હવે ગરીબીમાં નથી જ રહેવું' એવુ સ્વાભિમાન અને નવી શક્તિ આપ્યા છે.
- આ સંદર્ભમાં તેમણે જણાવ્યું હતુ કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબીમાંથી બહાર લાવવા માટે આર્થિક સશક્તિકરણ માટે 2009-10થી આ ગરીબ કલ્યાણ મેળાનો અભિનવ વિચાર આપેલો છે.
- ગુજરાતમાં અત્યાર સુધીમાં ગરીબ કલ્યાણ મેળાઓના 11 તબક્કાઓ દ્વારા 1530 ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી 1 કરોડ 47 લાખ જરૂરિયાતમંદ લોકોને 26,600 કરોડ ઉપરાંતના સહાય–લાભ હાથોહાથ પહોંચાડવામાં આવ્યો છે.
- દાહોદના ગરીબ કલ્યાણ મેળામાં 68500થી વધુ લાભાર્થીઓને અંદાજે 380 કરોડના લાભ સહાય આ 12મા તબક્કાના ગરીબ કલ્યાણ મેળાથી આપવામાં આવ્યા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



## સુશ્રી મીરાબાઈ ચાનુએ સિંગાપોર ઈન્ટરનેશનલ વેઈટલિફ્ટિંગ ઈવેન્ટમાં ગોલ્ડ જીત્યો



તાજેતરમાં સુશ્રી મીરાબાઈ ચાનુએ સિંગાપુર વેઈટલિફ્ટિંગ ઈન્ટરનેશનલ ટુર્નામેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો છે.

- આ સાથે સુશ્રી મીરાબાઈ ચાનુ આ વર્ષે બર્મિંગહામમાં યોજનારી કોમનવેલ્થ ગેમ્સ માટે ક્વોલિફાય થઈ ગયા છે.
- સિંગાપોર વેઈટલિફ્ટિંગ ઈન્ટરનેશનલ ટુર્નામેન્ટમાં પ્રથમ વખત 55 કિગ્રા વજન વર્ગમાં ભાગ લેતા સુશ્રી મીરાબાઈ ચાનુએ કુલ 191 કિગ્રા (86 કિગ્રા અને 105 કિગ્રા) વજન ઉપાડયું હતું.
- આ ઈવેન્ટ દરમિયાન તેમને કોઈપણ પ્રકારના પડકારનો સામનો કરવો પડયો ન હતો.

નોંધ : (1) ટોક્યો ઓલિમ્પિક 2020માં સુશ્રી મીરાબાઈ ચાનુએ સિલ્વર મેડલ જીતી ઈતિહાસ રચ્યો હતો.

(2) તેમનો જન્મ 8 ઓગસ્ટ, 1994ના રોજ મણિપુર રાજ્યના ઈમ્ફાલના નોંગપોક કાકચિંગ ગામમાં થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભવનાથનો મહાશિવરાત્રીનો મેળો

ગુજરાતના જૂનાગઢ ખાતે મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે દર વર્ષે ભવનાથનો મેળો યોજાય છે.

- આ મેળાને વર્ષ 2018માં કરેલી જાહેરાત અનુસાર વર્ષ 2019થી 'મિનીકુંભ'નો દરજ્જો આપવામાં આવ્યો છે.
- આ મેળામાં શિવરાત્રીના દિવસે નીકળતી દિગમ્બર સાધુઓની રવેડી સૌના આકર્ષણનું કેન્દ્ર રહે છે.
- આ રવેડી ગિરનાર તળેટીના જૂના અખાડાથી નીકળીને ભવનાથ મંદિર પહોંચે છે.
- આ રવેડી ભવનાથ મંદિર પહોંચ્યા બાદ સાધુ–સંતો ભવનાથ મંદિરના પૌરાણિક મૃગિકુંડમાં સ્નાન કરે છે.

નોંધ : ભારતમાં મહાવદ-13 (તેરસ)ની રાત્રી 'મહાશિવરાત્રી' તરીકે ઉજવાય છે.



## ભારતીય રેલવેનો પ્રથમ સૌર ઊર્જા પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યો

ભારતીય રેલવે માટે મધ્યપ્રદેશના બીના ખાતે ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ (BHEL) દ્વારા 1.7 -MWનો સોલાર ફોટો વોલ્ટેઈક પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યો છે.

- આ પ્લાન્ટ દ્વારા ભારતીય રેલવેની ટ્રેક્શન સિસ્ટમને સીધી વીજળી પૂરી પાડવામાં આવશે.
- ભારતીય રેલવેએ તેની વીજળીની જરૂરિયાત માટે આત્મનિર્ભર બનવાનું નક્કી કર્યા પછી અને વિવિધ નવીનીકરણીય ઊર્જા પ્રોજેક્ટ્સ માટે ખાલી પડેલી જમીનનો ઉપયોગ કરીને રેલવે સ્ટેશનોને સોલારાઈઝ કરવાની યોજના કર્યા પછી આ પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યો હતો.
- ટ્રેક્શન પાવરને સીધો ફીડ કરવા માટે ભારતીય રેલવે નેટવર્ક પર આ પહેલો સૌર પાવર પ્લાન્ટ છે.
- બીના (Bina) ખાતે કાર્યરત આ સોલાર પ્લાન્ટ દસ એકરથી વધુ વિસ્તારમાં ફેલાયેલો છે.
- આ સોલાર પ્લાન્ટમાં 1015 પાઈલ ફાઈન્ડેશન પર મોડ્યુલર માઉન્ટિંગ સ્ટ્રક્ચરના 145 સેટ પર 5800 સોલાર મોડ્યુલ સ્થાપિત કરવામાં આવ્યા છે.
- આ પ્લાન્ટમાંથી ઉત્પન્ન થતી વીજળી ભારતીય રેલવેને મફત આપવામાં આવશે.
- આ સોલાર પ્લાન્ટથી દર વર્ષે 8 MV વીજળી ઉત્પન્ન થવાની અપેક્ષા છે.
- આ સોલાર પ્લાન્ટ વાર્ષિક 2,160 ટન કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જન બચાવશે.

નોંધ : (1) કેન્દ્રીય બજેટ 2017-18માં જાહેરાત કરવામાં આવી હતી કે મધ્યમગાળામાં સમગ્ર દેશમાં લગભગ 7000 રેલવે સ્ટેશનોને વીજળી આપવા માટે સૌર ઊર્જાનો ઉપયોગ કરવામાં આવશે.

(2) BHELનું પૂરું નામ 'Bharat Heavy Electricals Limited' છે. તે ભારત સરકારના માલિકીની એન્જિનિયરિંગ અને મેન્યુફેક્ચરિંગ એન્ટરપ્રાઈઝ છે.

(3) તેનું મુખ્યમથક નવી દિલ્હી ખાતે આવેલું છે. તથા તે ભારે ઉદ્યોગ મંત્રાલયના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'વિશ્વ નાગરિક સંરક્ષણ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 1 માર્ચ (B) 2 માર્ચ (C) 3 માર્ચ (D) 4 માર્ચ (A)

2. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'શૂન્ય ભેદભાવ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 1 માર્ચ (B) 2 માર્ચ (C) 3 માર્ચ (D) 4 માર્ચ (A)

3. 'સ્વ–ઈજા જાગૃતિ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 1 માર્ચ (B) 2 માર્ચ (C) 3 માર્ચ (D) 4 માર્ચ (A)

4. તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગરીબ કલ્યાણ મેળાના કેટલામાં તબક્કાનો પ્રારંભ કરાવ્યો હતો ?
(A) 8મા (B) 10મા (C) 12મા (D) 20મા (C)

5. તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કયા સ્થળેથી ગરીબ કલ્યાણ મેળાના 12મા તબક્કાનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો ?
(A) નવસારી (B) દાહોદ (C) તાલાળા (D) ગીરગઢડા (B)

6. સિંગાપોર ઈન્ટરનેશનલ વેઈટલિફ્ટિંગ ઈવેન્ટમાં કયા ભારતીય ખેલાડીએ તાજેતરમાં ગોલ્ડ મેડલ જીત્યો છે ?
(A) સુશ્રી કર્ણમ મલ્લેશ્વરી (B) સુશ્રી કે. સંજીતા ચાનુ
(C) સુશ્રી સંતોષી મત્સા (D) સુશ્રી મીરાબાઈ ચાનુ (D)

7. ભારતમાં દર વર્ષે કઈ રાત્રી મહાશિવરાત્રી તરીકે ઉજવાય છે ?
(A) મહાવદ તેરસ (B) મહાસુદ તેરસ
(C) મહાવદ ચૌદસ (D) મહાસુદ ચૌદસ (A)

8. ગુજરાતમાં મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે જૂનાગઢ ખાતે નીકળતી દિગમ્બર સાધુઓની રવેડી ભવનાથ મંદિરના કયા પૌરાણિક કુંડમાં સ્નાન કરે છે ?
(A) ભૃગીકુંડ (B) મુનીકુંડ
(C) મૃગીકુંડ (D) યોગીકુંડ (C)

9. ભારતીય રેલવેનો પ્રથમ સૌર ઊર્જા પ્લાન્ટ.........રાજ્યના બીના ખાતે શરૂ કરવામાં આવ્યો છે.
(A) મધ્યપ્રદેશ (B) રાજસ્થાન
(C) બિહાર (D) ઝારખંડ (A)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુશ્રી માધબી પુરી બુચ SEBIના પ્રથમ મહિલા અધ્યક્ષ બન્યા



તાજેતરમાં સરકારે સુશ્રી માધબી પુરી બુચ (Madhabi Puri Buch)ને SEBIના નવા અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે.

- સુશ્રી માધબી પુરી બુચ SEBIના પ્રથમ મહિલા અધ્યક્ષ છે.
- તેઓ SEBIના પૂર્વ અધ્યક્ષ શ્રી અજય ત્યાગીનું સ્થાન લેશે.
- સુશ્રી માધબી પુરી બુચ ICICI સિક્યોરિટીઝના ભૂતપૂર્વ વડા હતા.
- તથા વર્ષ 2017થી 2021ની વચ્ચે તેમણે SEBIમાં પૂર્ણ સમયના સભ્ય તરીકે કામ કર્યુ છે.

નોંધ : શ્રી અજય ત્યાગી હિમાચલ પ્રદેશ કેડરના 1984 બેચના IAS અધિકારી છે. તેમને 1 માર્ચ, 2017ના રોજ SEBIના ચેરમેન તરીકે ત્રણ વર્ષ માટે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમના કાર્યકાળમાં થોડો વધારો કરવામાં આવ્યો હતો.

### SEBI વિશે

SEBIનું પૂરું નામ 'Securities and Exchange Board of India' છે.

- SEBI એ 12 એપ્રિલ, 1992ના રોજ 'સિક્યોરિટીઝ એન્ડ એક્સેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા એક્ટ, 1992'ની જોગવાઈઓ અનુસાર સ્થપાયેલી વૈધાનિક સંસ્થા (સંસદ દ્વારા સ્થાપિત બિન–બંધારણીય સંસ્થા) છે.
- SEBIનું મૂળભૂત કાર્ય સિક્યોરિટીઝમાં રોકાણકારોના હિતોનું રક્ષણ કરવાનું અને સિક્યોરિટી માર્કેટને પ્રોત્સાહન અને નિયમન કરવાનું છે.
- SEBIનું મુખ્ય મથક મુંબઈમાં આવેલું છે.
- અને પ્રાદેશિક કચેરીઓ અમદાવાદ, કોલકાત્તા, ચેન્નાઈ અને દિલ્હી ખાતે આવેલી છે.
- SEBI અસ્તિત્વમાં આવી તે પહેલાં કન્ટ્રોલર ઓફ કેપિટલ ઈશ્યૂઝ એ નિયમનકારી સત્તા હતી, તેને કેપિટલ ઈશ્યૂઝ (કંટ્રોલ) એક્ટ, 1947 હેઠળ સત્તા આપવામાં આવી હતી.
- ભારતમાં મૂડી બજારોના નિયમનકારી તરીકે ભારત સરકારના ઠરાવ હેઠળ એપ્રિલ, 1988માં સેબીની રચના કરવામાં આવી હતી.
- શરૂઆતમાં સેબી એક બિન–કાયદેસર સંસ્થા હતી જેની પાસે કોઈ વૈધાનિક સત્તા ન હતી.
- સેબી એક્ટ, 1992 દ્વારા તે એક સ્વાયત્ત સંસ્થા બની અને તેને વૈધાનિક સત્તા આપવામાં આવી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## SEBIનું માળખુ, સત્તા અને કાર્યો

SEBI બોર્ડમાં એક અધ્યક્ષ અને કેટલાક પૂર્ણ–સમય અને અંશકાલિક સભ્ય હોય છે.

- તે સમયાંતરે તે સમયના મહત્વના મુદ્દાઓની તપાસ કરવા માટે વિવિધ સમિતિઓની નિમણૂક પણ કરે છે.
- આ ઉપરાંત સેબીના નિર્ણયથી અસંતુષ્ટ સંસ્થાઓના હિતોના રક્ષણ માટે સિક્યોરિટીઝ એપેલેટ ટ્રિબ્યુનલ (SAT)ની પણ રચના કરવામાં આવે છે.
- SATમાં પ્રિસાઈડિંગ ઓફિસર અને અન્ય બે સભ્યો હોય છે.
- સેબી પાસે સમાન સત્તાઓ છે જે સિવિલ કોર્ટમાં હોય છે.
- આ સિવાય જો કોઈ વ્યક્તિ SATના નિર્ણય અથવા આદેશથી સહમત ન હોય તો તે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી શકે છે.
- સિક્યોરિટીઝ લોઝ (સુધારા) અધિનિયમ, 2014 દ્વારા સેબી હવે રૂ. 100 કરોડ કે તેથી વધુ રકમની કોઈપણ મની પૂલિંગ યોજનાનું નિયમન કરી શકે છે અને બિન–અનુપાલનના કિસ્સામાં સંપત્તિઓ જપ્ત કરી શકે છે.
- સેબીના અધ્યક્ષને શોધ/તપાસ અને જપ્તી કામગીરીનો આદેશ આપવાની સત્તા છે.
- સેબી બોર્ડ કોઈપણ સિક્યોરિટી ટ્રાન્ઝેકશનના સંબંધમાં વ્યક્તિઓ અથવા સંસ્થાઓ પાસેથી ટેલિફોન કોલ ડેટા રેકોર્ડ જેવી માહિતી માટે પણ કોલ કરી શકે છે.
- સેબી વેન્ચર કેપિટલ ફંડ્સ અને મ્યુચ્યુઅલ ફંડ્સ સહિતની સામુહિક રોકાણ યોજનાઓના કામકાજની નોંધણી અને નિયમન સાથે પણ વ્યવહાર કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## એશિયાનો સૌથી મોટો બાયો CNG પ્લાન્ટ (ગોબર-ધન બાયો CNG પ્લાન્ટ)

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 19 ફેબ્રુઆરી, 2022ના રોજ ઈન્દોરમાં એશિયાના સૌથી મોટા બાયો–CNG પ્લાન્ટનું લોકાર્પણ કર્યુ હતું.

- આ પછી હવેથી ઈન્દોરમાં લગભગ 400 બસ બાયો–CNG પર દોડવા લાગશે.
- ઈન્દોરને ભારતના સૌથી સ્વચ્છ શહેરોમાંનુ એક માનવામાં આવે છે.
- બાયો–CNGના ઉદ્ઘાટન સાથે તે સ્વચ્છતામાં વધુ એક ઉચ્ચ ધોરણ સ્થાપિત કરશે.
- પેટ્રોલિયમ ઉત્પાદનોની આયાત પર નિર્ભરતા ઘટાડવા માટે બાયોફ્યુઅલ અપનાવવાની જરૂર છે.
- બાયો–CNG પ્લાન્ટને 'ગોબર–ધન' પ્લાન્ટ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તેની સ્થાપના સ્વચ્છ ભારત મિશન (SBM-U 2.0)ના બીજા તબક્કા હેઠળ કરવામાં આવી છે.

- આ બાયો–CNG ગેસ પ્લાન્ટના નિર્માણમાં રૂ. 150 કરોડનો ખર્ચ થયો છે.
- આ પ્લાન્ટ દરરોજ 17થી 18 ટન CNG ગેસનું ઉત્પાદન કરશે.
- આ સાથે 100 ટન ઓર્ગેનિક ખાતરનું ઉત્પાદન કરવામાં આવશે.

નોંધ : (1) તે ઈન્દોર મ્યુનિસિપલ કોર્પોરેશન (IMC) અને ઈન્ડો એન્વાયરો ઈન્ટિગ્રેટેડ સોલ્યુશન્સ લિમિટેડ (IEISL) દ્વારા આ પ્લાન્ટની સ્થાપના જાહેર–ખાનગી ભાગીદારી (PPP) મોડલ હેઠળ કરવામાં આવી છે.


(2) આ પ્લાન્ટ ઈન્દોરના દેવગુરાડિયા ટ્રેન્ચિંગ ગ્રાઉન્ડમાં સ્થિત છે.

## શ્રી યજ્ઞેશ દવેને ગુજરાતી ભાષામાં તેમનો કાવ્યસંગ્રહ 'ગંધમજૂષા' માટે સાહિત્ય અકાદમી પુરસ્કાર 2021 માટે પસંદ કરવામાં આવ્યા

તાજેતરમાં સાહિત્ય અકાદમી દિલ્હીએ ગુજરાતી ભાષા માટેના સાહિત્ય અકાદમી એવોર્ડની જાહેરાત કરી હતી.

- આ અંતર્ગત ગુજરાતી ભાષા માટે શ્રી યજ્ઞેશ દવેને તેમનો કાવ્ય સંગ્રહ 'ગંધમજૂષા' માટે સાહિત્ય અકાદમી એવોર્ડ 2021 માટે પસંદ કરવામાં આવ્યા છે.
- નોંધનીય છે કે નવેમ્બર 2021માં સાહિત્ય અકાદમી એ વિવિધ ભાષાઓ માટે તેના પ્રતિષ્ઠિત 'સાહિત્ય અકાદમી પુરસ્કાર', 'યુવા પુરસ્કાર' અને 'બાળ સાહિત્ય પુરસ્કારની જાહેરાત કરી હતી.
- પરંતુ ત્યારે સાહિત્ય અકાદમીએ જણાવ્યું હતું કે ગુજરાતી, મણિપુરી, મૈથલી અને ઉર્દૂ ભાષાઓના વિજેતાની જાહેરાત પાછળથી કરવામાં આવશે.

### શ્રી યજ્ઞેશ દવે



શ્રી યજ્ઞેશ દવેનો જન્મ 24 માર્ચ 1954ના રોજ રાજકોટ (બરવાળા) ખાતે થયો હતો.


- તેમનું પૂરું નામ શ્રી યજ્ઞેશ રમેશચંદ્ર દવે છે.
- તેમની પ્રથમ કવિતા 'ન પ્રવાસી, ન ગૃહવાસી' – નિરંજન ભગતના 'સાહિત્ય' ત્રૈમાસિકમાં છપાઈ હતી.
- જાતિસ્મર (1992)ની દીર્ઘ અછાંદસ કાવ્યકૃતિઓમાંની સર્જકતાથી વિશેષ ધ્યાન ખેંચનાર શ્રી યજ્ઞેશ દવેએ 'જળની આંખે' (1985)થી 'ગંધમજૂષા' (2015) સુધીના ચાર સંગ્રહો આપ્યા છે.
- કવિતા ઉપરાંત તેમણે લલિત નિબંધો પણ લખ્યા છે.
- જા તિસ્મર તેમની પ્રસિદ્ધ કૃતિ છે.
- આ અગાઉ તેમને જયંત પાઠક પુરસ્કાર, બ.ક. ઠાકર પુરસ્કાર અને ઉશનસ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સાહિત્ય અકાદમી એવોર્ડ વિજેતા કેટલાક ગુજરાતી સર્જકો અને તેમની કૃતિઓ

| વર્ષ | સર્જક | કૃતિ |
|---|---|---|
| 1955 | શ્રી મહાદેવભાઈ દેસાઈ | મહાદેવભાઈની ડાયરી |
| 2017 | સુશ્રી ઊર્મિ દેસાઈ | ગુજરાતી વ્યાકરણના બસો વર્ષ |
| 2018 | સુશ્રી શરીફા વિજળીવાળા | વિભાજનની વ્યથા |
| 2019 | શ્રી રતિલાલ બોરીસાગર | મોજમાં રે' વું રે ! |
| 2020 | શ્રી હરીશ મિનાશ્રુ | બનારસ ડાયરી |
| 2021 | શ્રી યજ્ઞેશ દવે | ગંધમજૂષા |

**નોંધ :** નવેમ્બર 2021માં જાહેરાત થયેલા સાહિત્ય અકાદમી એવોર્ડમાં સુશ્રી દૃષ્ટિ સોનીને તેમની નવલકથા 'અ–માણસ' (A-Manas) માટે 'સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર-2021' એનાયત કરવામાં આવ્યો હતો.



1. તાજેતરમાં 'સિક્યોરિટીઝ એન્ડ એક્સેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા' (SEBI)ના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) સુશ્રી માધબી પુરી બુચ (B) સુશ્રી ચંદા કોચર

(C) સુશ્રી અરુંધતી ભટ્ટાચાર્ય (D) શ્રી ઉષા સુબ્રમણ્યમ **(A)**

2. સેબી (SEBI)નું મુખ્યમથક કયાં આવેલું છે ?

(A) લખનૌ (B) દિલ્હી

(C) જયપુર (D) મુંબઈ **(D)**

3. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા સ્થળે એશિયાના સૌથી મોટા બાયો CNG પ્લાન્ટનું લોકાર્પણ કર્યુ છે ?

(A) જબલપુર (B) ઈન્દોર

(C) ભોપાલ (D) કાનપુર **(B)**

4. વર્ષ 2021નો ગુજરાતી ભાષા માટેનો 'સાહિત્ય અકાદમી એવોર્ડ'કોને એનાયત થયો છે ?

(A) શ્રી યજ્ઞેશ દવે (B) શ્રી હિમાંશુ વાજપેઈ

(C) શ્રી વિક્રમ શેઠ (D) શ્રી પ્રફૂલ શાહ **(A)**

5. શ્રી યજ્ઞેશ દવેને તેના કયા કાવ્યસંગ્રહ માટે ગુજરાતી ભાષા માટેનો 'સાહિત્ય અકાદમી એવોર્ડ' એનાયત થયો છે ?

(A) ગંધમજૂષા (B) અ બર્નિંગ

(C) સોરઠની ધરતી (D) નાટક નાટક મે વિજ્ઞાન **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 03 માર્ચ, (1) વિશ્વ વન્ય જીવ દિવસ (World Wildlife Day) (2) વિશ્વ શ્રવણ દિવસ (World Hearing Day)

## વિશ્વ વન્ય જીવ દિવસ



વન્યજીવો અને વનસ્પતિ સૃષ્ટિ અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં 3 માર્ચના રોજ 'વિશ્વ વન્ય જીવ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ ઉજવણી માટે થાઈલેન્ડ દ્વારા સંયુક્ત રાષ્ટ્રમાં પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો.
- સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાના 68મા સત્રમાં 20 ડિસેમ્બર, 2013ના રોજ આ દિવસની ઉજવણી માટે પ્રસ્તાવ પાસ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2022ની 'World Wildlife Day' ની થીમ **'Recovering key species for ecosystem restoration'** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સૌર ઊર્જા સંચાલિત કોર્ણાક સૂર્યમંદિર

ભારતના ઓડિશા રાજ્યનું કોર્ણાક શહેર ગ્રીડ નિર્ભરતામાંથી ગ્રીન એનર્જીમાં સ્થાનાંતરિત (સૌર ઊર્જા સંચાલિત) થનારું પ્રથમ મોડેલ શહેર બનવા જઈ રહ્યું છે.

- ઓડિશા સરકારે આ સંદર્ભે નીતિ માર્ગદર્શિકા બહાર પાડી છે.
- કેન્દ્ર સરકાર દ્વારા મે 2020માં ઓડિશામાં કોણાર્ક સૂર્ય મંદિર અને કોણાર્ક સિટીના સૌરકરણ માટેની યોજના શરૂ કરવામાં આવી હતી.
- ઓડિશા રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી માર્ગદર્શિકા અનુસાર વર્ષ 2022ના અંત સુધીમાં સૂર્ય, પવન, બાયોમાસ, નાના હાઈડ્રોપાવર અને વેસ્ટ–ટુ–એનર્જી (WTE) વગેરે જેવા નવીનીકરણીય ઊર્જા સ્ત્રોતમાંથી 2,750 મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવાનો લક્ષ્યાંક છે.
- કોણાર્ક માટે નવીનીકરણીય ઊર્જાનો ઉપયોગ એ કેન્દ્રીય નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલયની મહત્વાકાંક્ષી યોજનાનો એક ભાગ છે.

## ઈન્ટરનેશનલ મોનસૂન પ્રોજેક્ટ ઓફિસ (IMPO)

તાજેતરમાં વર્ષ 2022ના રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે સરકાર દ્વારા 'ઈન્ટરનેશનલ મોનસૂન પ્રોજેક્ટ' (IMPO) શરૂ કરવામાં આવી છે.


- શરૂઆતમાં પાંચ વર્ષ માટે ઈન્ટરનેશનલ મોનસૂન ઓફિસ (IMPO) પૂણેમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રોપિકલ મેટિરોલોજી (IITM) પર આધારિત હશે.
- દેશના અર્થતંત્ર માટે ચોમાસાના મહત્વને ઉજાગર કરવા માટે IMPOની સ્થાપના કરવામાં આવી છે.
- તે વિશ્વ આબોહવા સંશોધન કાર્યક્રમ અને વિશ્વ હવામાન સંશોધન કાર્યક્રમના નેતૃત્વમાં આંતરરાષ્ટ્રીય ચોમાસા સંશોધન–સંબંધિત જોડાણો અને પ્રવૃત્તિઓને ઓળખવા તથા પ્રોત્સાહન આપવા માટે પણ કામ કરશે.
- યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ મીટોરોલોજીકલ ઓર્ગેનાઈઝેશન (WMO) વિશ્વ હવામાન સંશોધન કાર્યક્રમ અને વિશ્વ આબોહવા સંશોધન કાર્યક્રમનું સંકલન કરે છે.
- IMPOની સ્થાપનાનો અર્થ ચોમાસાની મોસમી પરિવર્તનશીલતાને સંબોધવા, ચક્રવાત અને ચોમાસાની આગાહી કૌશલ્યમાં સુધારો કરવા, ચોમાસાના સંશોધનને મજબૂત કરવા અને વધુ સારી સેવાઓ અને સહાયક કામગીરી માટે જ્ઞાનને પ્રોત્સાહન આપવા માટે સંકલિત વૈજ્ઞાનિક અભિગમનો વિસ્તરણ કરવાનો છે.
- IMPOની સ્થાપનાથી સમગ્ર વિશ્વમાં ચોમાસાના સંશોધનને વેગ મળશે, જેનાથી ભારતીય તેમજ આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક સમુદાય બંનેને ફાયદો થશે.


સામાન્ય વિજ્ઞાન

◆ વૈકલ્પિક પ્રશ્નોત્તરી સ્વરૂપે ◆ [ MCQ BOOSTER ]

પરીક્ષાલક્ષી મહત્ત્વના 1650+ MCQs

- PSI-ASI, કોન્સ્ટેબલ, બિનસચિવાલય ક્લાર્ક, તલાટી, જૂનિયર ક્લાર્ક, GPSC તથા તમામ સ્પર્ધાત્મક પરીક્ષા માટે અત્યંત ઉપયોગી પુસ્તક.
- આ પુસ્તકના લેખન દરમિયાન GCERT અને NCERTના પુસ્તકોનો મુખ્ય આધાર બનાવવામાં આવ્યો છે.
- જીવવિજ્ઞાનની અંદર સમાવિષ્ટ ટોપિક જેમ કે કોષ, પ્રાણી વિજ્ઞાન, મનુષ્યનું શરીર, રોગો, સૂક્ષ્મજીવો વગેરે...તથા ભૌતિક વિજ્ઞાનમાં એકમ, ગતિ, કાર્ય અને ઉર્જા, દબાણ, તરંગ, ધ્વની, વિદ્યુત વગેરે...તથા રસાયણ વિજ્ઞાનમાં ધાતુ–અધાતુ, એસિડ–બેઇઝ, પદાર્થ, આવર્ત કોષ્ટક જેવા તમામ ટોપિકમાંથી 1650+ MCQ તૈયાર કરવામાં આવ્યા છે.
- આ ઉપરાંત પર્યાવરણ, શોધ, શોધક, વૈજ્ઞાનિક સાધનો અને તેમના ઉપયોગો, ગુજરાત, ભારત અને વિશ્વના વૈજ્ઞાનિકોના પ્રશ્નોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

NOW AVAILABLE

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.

1. 'વિશ્વ શ્રવણ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 માર્ચ (B) 2 માર્ચ (C) 3 માર્ચ (D) 4 માર્ચ (C)

2. 'વિશ્વ વન્ય જીવ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 માર્ચ (B) 2 માર્ચ (C) 3 માર્ચ (D) 4 માર્ચ (C)

3. વર્ષ 2022ની 'વિશ્વ વન્ય જીવ દિવસ'ની થીમ શું છે ?

(A) Listen to the young voices

(B) Sustaining all life on universe

(C) It's time to get serious about wildlife crime

(D) Recovering key species for ecosystem restoration (D)

4. ભારતના ઓડિશા રાજ્યનું ............. શહેર ગ્રીડ નિર્ભરતામાંથી ગ્રીન એનર્જીમાં (અથવા સૌર ઊર્જા સંચાલિત) થનારું પ્રથમ મોડેલ શહેર બનવા જઈ રહ્યું છે.

(A) કોણાર્ક (B) ભૂવનેશ્વર

(C) બ્રહ્મપુર (D) રાઉરકેલા (A)

5. 'ઈન્ટરનેશનલ મોનસૂન પ્રોજેક્ટ ઓફિસ' (IMPO) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે શરૂ કરવામાં આવી છે.

2. શરૂઆતમાં પાંચ વર્ષ માટે ઈન્ટરનેશનલ મોનસૂન ઓફિસ (IMPO) પૂણેમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રોપિકલ મેટિરોલોજી (IITM) પર આધારિત હશે.

3. પાંચ વર્ષ પછી IMPOનું વડું મથક ગુજરાતના વડોદરા ખાતે સ્થાપવામાં આવશે.

4. IMPOની સ્થાપના સમગ્ર વિશ્વમાં ચોમાસાના સંશોધનને વેગ મળશે તથા ચક્રવાતની આગાહીમાં પણ મદદ મળશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 1 અને 4

(C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 4 માર્ચ, રાષ્ટ્રીય સુરક્ષા દિવસ

## ભારત અને ITU દ્વારા Host Country Agreement પર હસ્તાક્ષર

તાજેતરમાં 'હોસ્ટ કન્ટ્રી એગ્રીમેન્ટ' (અથવા યજમાન દેશ કરાર–HCA) પર કેન્દ્રીય સંચાર મંત્રી અને ઈન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન યુનિયન (ITU)ના મહાસચિવે હસ્તાક્ષર કર્યા હતા.

- આ અંતર્ગત નવી દિલ્હીમાં ITUની પ્રાદેશિક કચેરી અને ઈનોવેશન સેન્ટરની સ્થાપના કરવામાં આવશે.
- ભારતમાં 5Gi ધોરણોને ITU દ્વારા 5G માટેની ત્રણ તક્નીકોમાંની એક તરીકે સ્વીકારવામાં આવ્યા છે.
- 5Gi એ IIT હૈદરાબાદ દ્વારા સ્થાનિક રીતે ડિઝાઈન કરાયેલ ટેલિકોમ્યુનિકેશન નેટવર્ક છે.

### આ કરાર શું છે ?

આ કરાર પ્રાદેશિક કાર્યાલયની સ્થાપના અને સંચાલન માટે કાનૂની અને નાણાકીય માળખું પૂરું પાડે છે.

- નવી દિલ્હીમાં સ્થાપિત ઈન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન યુનિયન (ITU)ની એરિયા ઓફિસ અને ઈનોવેશન સેન્ટર દક્ષિણ એશિયાના દેશો જેમ કે અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભૂટાન, ઈરાન, માલદીવ, નેપાળ, શ્રીલંકા અને ભારતને સેવાઓ પ્રદાન કરશે.
- આ પ્રાદેશિક કચેરીઓમાં એક નવીનતા કેન્દ્ર પણ હશે, જે દક્ષિણ એશિયામાં ટેલિકોમ્યુનિકેશન ટેક્નોલોજીમાં સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપશે તેવી અપેક્ષા છે.

### ITU

'ઈન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન યુનિયન' (ITU) સંયુક્ત રાષ્ટ્રની માહિતી અને સંચાર ટેક્નોલોજી માટેની વિશિષ્ટ એજન્સી છે.

- સંચાર નેટવર્કમાં આંતરરાષ્ટ્રીય જોડાણની સુવિધા આપવા માટે તેની સ્થાપના વર્ષ 1865માં કરવામાં આવી હતી.
- તેનું મુખ્યમથક સ્વિત્ઝર્લેન્ડના જીનીવા ખાતે આવેલું છે.
- તે વૈશ્વિક રેડિયો સ્પેક્ટ્રમ અને ઉપગ્રહ ભ્રમણકક્ષાની ફાળવણી કરે છે.
- વિશ્વભરમાં ઓછી સેવા ધરાવતા સમુદાયો માટે ICTની એક્સેસને બહેતર બનાવવા માટે નેટવર્ક અને તક્નીકોના સીમલેસ ઈન્ટરકનેકશનને સક્ષમ કરવા માટે તક્નીકી ધોરણો વિકસાવે છે.
- ITUમાં હાલમાં 193 દેશો અને 900થી વધુ ખાનગી ક્ષેત્રની સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ સભ્ય તરીકે છે.
- અગાઉ ભારત 2019થી 2022 એમ 4 વર્ષની મુદત માટે ITUના કાઉન્સિલ સભ્ય તરીકે ચૂંટાયું હતું.
- ભારત 1952થી નિયમિત સભ્ય છે.
- ITUનું મહત્વનું પ્રકાશન 'ગ્લોબલ સાયબર સિક્યુરિટી ઈન્ડેક્સ' (GCI) છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સાગર પરિક્રમા (Sagar Parikrama)




દરિયાકાંઠાના માછીમારોની સમસ્યાઓ જાણવા માટે મત્સ્ય ઉદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલય 'સાગર પરિક્રમા'નું ઉદ્દઘાટન કરશે.

- આ કાર્યક્રમનું આયોજન મત્સ્યોદ્યોગ વિભાગ, નેશનલ ફિશરીઝ ડેવલપમેન્ટ બોર્ડ, કોસ્ટગાર્ડ ઓફ ઈન્ડિયા, ફિશરિઝ સર્વે ઓફ ઈન્ડિયા, ગુજરાત મરીન બોર્ડ અને માછીમારોના પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવ્યું છે.

### સાગર પરિક્રમા

સાગર પરિક્રમા એ તમામ માછીમારો, મત્સ્ય ખેડૂતો અને સંબંધિત હિસ્સેદારો સાથે એકતા દર્શાવવા પૂર્વ નિર્ધારિત દરિયાઈ માર્ગો દ્વારા તમામ દરિયાકાંઠાના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આયોજિત થનારી નેવિગેશનલ યાત્રા છે.

- આપણા મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓ, ખલાસીઓ અને માછીમારોનું સન્માન કરતા 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગરૂપે તેની કલ્પના કરવામાં આવી છે.
- યાત્રા પ્રથમ તબક્કામાં ગુજરાતના માંડવીથી શરૂ થશે અને પછીના તબક્કામાં ગુજરાતના અન્ય જિલ્લાઓ અને અન્ય રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં હાથ ધરવામાં આવશે.
- સાગર પરિક્રમાનો પ્રથમ તબક્કો **5 માર્ચ, 2022**ના રોજ માંડવીથી શરૂ થશે અને **6 માર્ચ 2022**ના રોજ પોરબંદરમાં સમાપ્ત થશે.
- કચ્છ જિલ્લામાં અરબી સમુદ્રના કિનારે આવેલા માંડવીથી શરૂ કરીને, જ્યાં રૂકમાવતી નદી કચ્છના અખાતને મળે છે તે આખુ અંતર દરિયાઈ માર્ગ દ્વારા આવરી લેવામાં આવશે.
- આ અંતર્ગત દરિયાકાંઠાના માછીમારોની સમસ્યાઓ જાણવા માટે આ સ્થળો અને જિલ્લાઓમાં માછીમારો, માછીમાર સમુદાયો અને હોદ્દેદાર સાથે સંવાદ કાર્યક્રમ પણ યોજવામાં આવશે.

નોંધ : કેન્દ્રીય મત્સ્ય ઉદ્યોગ, પશુપાલન અને ડેરીમંત્રાલયના વર્તમાન કેબિનેટ મંત્રી શ્રી પુરુષોત્તમ રૂપાલા છે.

# ઓસ્ટ્રેલિયાના મહાન ક્રિકેટર શ્રી શેન વોર્નનું નિધન

ઓસ્ટ્રેલિયાના મહાન ક્રિકેટર શ્રી શેનવોર્નનું 52 વર્ષની વયે હાર્ટ એટેકના કારણે નિધન થયું છે.

- શ્રી શેનવોર્નને ક્રિકેટ ઈતિહાસના મહાન બોલરોમાંના એક ગણવામાં આવે છે.

## શ્રી શેન વોર્ન



શ્રી શેન વોર્નનો જન્મ 13 સપ્ટેમ્બર, 1969ના રોજ ઓસ્ટ્રેલિયાના અપર ફન્ટ્રી ગલી (વિક્ટોરિયા, મેલબોર્ન) ખાતે થયો હતો.

- તેમનું પૂરું નામ શેન કેઈથ વોર્ન છે.
- શ્રી શેન વોર્ને તેમની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કારકિર્દીની શરૂઆત 2 જાન્યુઆરી, 1992ના રોજ ભારત સામે ટેસ્ટ મેચથી કરી હતી. તથા તેમની અંતિમ ટેસ્ટ 2 જાન્યુઆરી, 2007ના રોજ ઈંગ્લેન્ડ વિરૂદ્ધ હતી.
- વર્ષ 1993માં તેમણે વન–ડે કારકિર્દીની શરૂઆત ન્યુઝિલેન્ડ સામે કરી હતી. તથા અંતિમ વન–ડે વર્ષ 2005માં એશિયા ઈલેવન સામે રમી હતી.
- ટેસ્ટ ક્રિકેટમાં તેમણે 145 મેચમાં રેકોર્ડ 708 વિકેટ લીધી હતી.
- જે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનાર ખેલાડીમાં બીજા ક્રમે છે. જ્યારે પ્રથમ ક્રમે શ્રીલંકાના શ્રી એમ. મુરલીધરન (800 વિકેટ) છે.
- જ્યારે વન–ડે (ODI) કારકિર્દીમાં તેમણે 194 મેચમાં 293 વિકેટ લીધી હતી.
- તેઓ 'Warnie', 'The Sheikh of Tweak' અને 'The King'ના ઉપનામથી જાણીતા હતા.
- તેઓ જમણા હાથના લેગ સ્પીનર બોલર છે તથા તેમને વર્ષ 2000માં ક્રિકેટ નિષ્ણાતોની પેનલ દ્વારા તેને સદીના પાંચ વિઝડન ક્રિકેટર્સમાંના એક તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.
- 1994ના વિઝડન ક્રિકેટર્સ અલ્માનેકમાં તેમને વિઝડન ક્રિકેટર્સ ઓફ ધ યર તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. તથા વર્ષ 1997 અને 2004માં વિશ્વ વિઝડનના અગ્રણી ક્રિકેટર હતા.
- તેમણે IPLમાં રાજસ્થાન રોયલ્સ માટે પ્રથમ ચાર સીઝન રમી હતી.
- તેમણે રાજસ્થાન રોયલ્સ માટે કેપ્ટન અને કોચ બંને ભૂમિકા ભજવી હતી.
- તેમના નેતૃત્વ હેઠળ રાજસ્થાન રોયલ્સે વર્ષ 2008માં એટલે કે IPLની પ્રથમ સીઝન જીતી હતી.
- તેમની આવડતને માન આપીને મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડની બહાર તેમની પ્રતિમા મુકવામાં આવી છે.
- આ ઉપરાંત તેમણે વન–ડેમાં 1018 અને ટેસ્ટમાં 3154 રન બનાવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. નીચેના પૈકી કયા દિવસે 'રાષ્ટ્રીય સુરક્ષા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 1 માર્ચ (B) 2 માર્ચ (C) 3 માર્ચ (D) 4 માર્ચ (D)

2. તાજેતરમાં 'હોસ્ટ કન્ટ્રી એગ્રીમેન્ટ' અથવા 'યજમાન દેશ કરાર' પર કેન્દ્રીય સંચાર મંત્રી અને ઈન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન યુનિયન (ITU)ના મહાસચિવે હસ્તાક્ષર કર્યા હતા. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ અંતર્ગત નવી દિલ્હીમાં ITUની પ્રાદેશિક કચેરી અને ઈનોવેશન સેન્ટરની સ્થાપના કરવામાં આવશે.

(B) આ કરાર અંતર્ગત નવી દિલ્હીમાં સ્થાપિત ITUની એરિયા ઓફિસ અને ઈનોવેશન સેન્ટર દક્ષિણ એશિયાના દેશો જેમ કે અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભૂટાન, ઈરાન, માલદીવ, નેપાળ, શ્રીલંકા અને ભારતને સેવા પ્રદાન કરશે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

3. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'સાગર પરિક્રમા' (Sagar Parikrama) શું છે ?

(A) દરિયાકાંઠાના માછીમારોની સમસ્યાઓ જાણવા માટેની નેવિગેશનલ યાત્રા

(B) મત્સ્ય ઉદ્યોગમાં ક્રાંતિ લાવવા માટેની એક યોજના

(C) દરિયાઈ નિરીક્ષણ માટેનો સેટેલાઈટ ઉપગ્રહ

(D) ભારતીય નૌકાદળનો એક યુદ્ધ અભ્યાસ (A)

4. તાજેતરમાં પ્રસિદ્ધ ક્રિકેટર શ્રી શેન વોર્નનું નિધન થયું છે. તેઓ કયા દેશના બોલર હતા ?

(A) ન્યુઝીલેન્ડ (B) ઈંગ્લેન્ડ

(C) ઓસ્ટ્રેલિયા (D) દક્ષિણ આફ્રિકા (C)

# દાદા સાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ 2022ની જાહેરાત

દાદા સાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ 2022નો પ્રતિષ્ઠિત સમારોહ 20 ફેબ્રુઆરીના રોજ યોજાયો હતો.

- આ સમારોહ મુંબઈ ખાતે યોજાયો હતો.
- આ વર્ષે દાદા સાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ્સ 2022એ ભારતીય સિનેમાની સમૃદ્ધિની ઉજવણી કરી અને આઝાદીના 75 વર્ષની પણ ઉજવણી કરી હતી.
- શ્રી રણવીર સિંહને ફિલ્મ '83' માટે શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ મળ્યો હતો તથા સુશ્રી કીર્તિ સેનનને ફિલ્મ મીમી માટે શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ એનાયત થયો છે.
- જ્યારે દાદા સાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ (DPIFF) 2022 'ફિલ્મ ઓફ ધ યર' એવોર્ડ 'પુષ્પા: ધ રાઈઝ'ને મળ્યો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દાદાસાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ (DPIFF) એવોર્ડ્સ 2022 વિજેતાઓની યાદી

| ક્રમ | કેટેગરી | વિજેતા |
|---|---|---|
| 1 | ફિલ્મ ઓફ ધ યર | પુષ્પા: ધ રાઈઝ |
| 2 | બેસ્ટ ફિલ્મ | શેરશાહ |
| 3 | બેસ્ટ એક્ટર (શ્રેષ્ઠ અભિનેતા) | શ્રી રણવીરસિંહ (ફિલ્મ 83 માટે) |
| 4 | બેસ્ટ એક્ટ્રેસ (શ્રેષ્ઠ અભિનેત્રી) | સુશ્રી કીર્તિ સેનન (ફિલ્મ મીમી માટે) |
| 5 | ફિલ્મોમાં ઉત્કૃષ્ટ યોગદાન | આશા પારેખ |
| 6 | ક્રિટિક્સ બેસ્ટ એક્ટર | સિદ્ધાર્થ મલ્હોત્રા (શેરશાહ ફિલ્મ) |
| 7 | ક્રિટિક્સ બેસ્ટ એક્ટ્રેસ | કિયારા અડવાણી (શેરશાહ ફિલ્મ) |
| 8 | ક્રિટિક્સ બેસ્ટ ફિલ્મ | સરદાર ઉધમસિંહ |
| 9 | બેસ્ટ ડિરેક્ટર (શ્રેષ્ઠ દિગ્દર્શક) | કેન ઘોષ (ફિલ્મ સ્ટેટ ઓફ સીઝ : ટેમ્પલ એટેક માટે) |
| 10 | બેસ્ટ ડેબ્યુ એવોર્ડ | અહાન શેટ્ટી (ફિલ્મ તડપ માટે) |
| 11 | બેસ્ટ પ્લેબેક સિંગર એવોર્ડ (મેલ) | વિશાલ શર્મા |
| 12 | બેસ્ટ પ્લેબેક સિંગર (ફીમેલ) | કનિકા કપુર |
| 13 | પીપલ્સ ચોઈસ બેસ્ટ એક્ટર | અભિમન્યુ દાસાની |

| ક્રમ | કેટેગરી | વિજેતા |
|---|---|---|
| 14 | પીપલ્સ ચોઈસ બેસ્ટ એક્ટ્રેસ | રાધિકા મદન |
| 15 | બેસ્ટ સિનેમેટોગ્રાફર | જયકૃષ્ણ ગુમ્માડી (ફિલ્મ હસીના દિલરૂબા માટે) |
| 16 | બેસ્ટ ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મ | Another round |
| 17 | બેસ્ટ શોર્ટ ફિલ્મ | પાઉલી |
| 18 | બેસ્ટ વેબ સિરીઝ | કેન્ડી |
| 19 | વેબ સિરીઝમાં બેસ્ટ એક્ટર એવોર્ડ | મનોજ બાજપેયી (ફેમિલી મેન-2 માટે) |
| 20 | વેબ સિરીઝમાં બેસ્ટ એક્ટ્રેસ એવોર્ડ | રવિના ટંડન (આરણ્યક માટે) |
| 21 | ટેલિવિઝન સિરીઝ ઓફ ધ યર | અનુપમા |

## State of India's Environment Report 2022

તાજેતરમાં કેન્દ્રીય પર્યાવરણ મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે 'સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટ' (CSE)નો 'સ્ટેટ ઓફ ઈન્ડિયાઝ એન્વાયર્નમેન્ટ રિપોર્ટ-2022' બહાર પાડ્યો છે.

- આ રિપોર્ટ 'સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટ' અને 'ડાઉન ટુ અર્થ' (મેગેઝિન)નું વાર્ષિક પ્રકાશન છે.
- આ રિપોર્ટ આબોહવા પરિવર્તન, સ્થળાંતર, આરોગ્ય અને ખાદ્ય પ્રણાલી પર ધ્યાન કેન્દ્રીત કરે છે.
- તેમાં જૈવવિવિધતા, જંગલો અને વન્યજીવન, ઊર્જા, ઉદ્યોગ, રહેઠાણ, પ્રદૂષણ, કચરો, કૃષિ અને ગ્રામીણ વિકાસનો પણ સમાવેશ થાય છે.
- 'સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટ' (CSE) એ નવી દિલ્હી સ્થિત જાહેર હિતની સંશોધન સંસ્થા છે.

### રાષ્ટ્રીય લક્ષ્યો હાંસલ કરવામાં ભારતનું સ્થાન શું છે ?

#### અર્થતંત્ર

ભારતીય અર્થ વ્યવસ્થાનું લક્ષ્ય વર્ષ 2022-23 સુધીમાં ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP)ને વધારીને 4 ટ્રિલિયન અમેરિકન ડોલર કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

- પરંતુ વર્ષ 2020 સુધીમાં અર્થતંત્ર માત્ર 2.48 ટ્રિલિયન અમેરિકન ડોલર સુધી જ વૃદ્ધિ પામી શક્યું છે.
- કોવિડ-19 મહામારી દરમિયાન અર્થતંત્ર નોંધપાત્ર રીતે સંકોચાઈ ગયું છે, જેના કારણે આ લક્ષ્યને પ્રાપ્ત કરવું વધુ મુશ્કેલ બન્યું છે.

## આવાસ

- પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY) ગ્રામીણ હેઠળ 29.5 મિલિયન આવાસ એકમો અને PMAY–અર્બન હેઠળ 12 મિલિયન એકમોનું નિર્માણ કરવાનો લક્ષ્યાંક છે.
- 'હાઉઝિંગ ફોર ઓલ'ના લક્ષ્યાંકમાંથી માત્ર 46.8 અને 38% અનુક્રમે હાંસલ કરવામાં આવ્યા છે.

## રોજગાર

- વર્ષ 2022-23 સુધીમાં મહિલા શ્રમદળની ભાગીદારીનો દર ઓછામાં ઓછો 30% સુધી વધારવાનો લક્ષ્યાંક છે.

## પીવાનું પાણી

- વર્ષ 2022 સુધીમાં તમામને પાઈપ વડે સુરક્ષિત પીવાનું પાણી પૂરું પાડવાનું લક્ષ્ય છે.

## કૃષિ

- વર્ષ 2022 સુધીમાં ખેડૂતની આવક બમણી કરવાનો લક્ષ્યાંક છે.
- જોકે ખેડૂત પરિવારની સરેરાશ માસિક આવક રૂ. 6426થી વધીને રૂ. 10,218 થઈ છે.
- પરંતુ આ વધારો મોટા ભાગે પશુપાલન સાથે સંકળાયેલા ખેડૂતોની આવકમાં થયેલા વધારાના કારણે થયો છે.
- કૃષિ પરિવારની સરેરાશ માસિક આવક પાક ઉત્પાદનમાંથી આવકનો હિસ્સો વર્ષ 2012-13માં 48%થી ઘટીને 2018-19માં 37.2% થઈ ગયો છે.

## જમીનના રેકોર્ડનું ડિજિટાલાઈઝેશન

- વર્ષ 2022 સુધીમાં તમામ જમીનના રેકોર્ડનું ડિજિટાલાઈઝેશન કરવાનો અન્ય એક લક્ષ્ય છે.
- મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઓડિશા જેવા રાજ્યોએ આ બાબતે સારી પ્રગતિ કરી છે.
- જ્યારે જમ્મુ–કાશ્મીર, લદાખ અને સિક્કિમે અનુક્રમે 5%, 2% અને 8.8% ઘટાડો કર્યો છે.

## વાયુ પ્રદૂષણ

- ભારતીય શહેરોમાં પાર્ટિક્યુલેટ મેટર-2.5 (PM 2.5)ના સ્તરને 50 માઈક્રોગ્રામ પ્રતિ ઘનમીટર કરતા ઓછા કરવાનો લક્ષ્યાંક છે.
- વર્ષ 2020માં જ્યારે મહામારીના કારણે વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો ત્યારે નિરીક્ષણ કરાયેલા 121 શહેરોમાંથી 23માં PM 2.5નું સ્તર 50 માઈક્રોગ્રામ પ્રતિ ક્યુબિક મીટરને વટાવી ગયું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ઘન કચરાનું વ્યવસ્થાપન

- આ અંતર્ગત 100% સ્ત્રોત વિભાજનનું લક્ષ્ય હાંસલ કરવાનું છે.
- એકંદર પ્રગતિ 78% છે, કેરળ અને પુડુચેરીએ લક્ષ્ય હાંસલ કર્યું છે. જ્યારે પશ્ચિમબંગાળ અને દિલ્હી જેવા અન્ય રાજ્યો પાછળ છે.
- તેનો ઉદ્દેશ મેન્યુઅલ સ્કેવેન્જિંગની પ્રથાને નાબૂદ કરવાનો છે, પરંતુ ભારતમાં હજુ પણ **66,692** મેન્યુઅલ સફાઈ કામદારો છે.

### વન કવર

- 1988માં પરિકલ્પના કરાયેલ રાષ્ટ્રીય વન નીતિનો મુખ્ય ઉદ્દેશ તેને કુલ ભૌગોલિક વિસ્તારના 33.3% સુધી વધારવાનો છે.
- વર્ષ 2019 સુધીમાં ભારતનું વન આવરણ 21.6% હતું.

### ઉર્જા

- વર્ષ 2022 સુધીમાં 175 GW નવીનીકરણીય ઉર્જા ઉત્પાદન ક્ષમતા હાંસલ કરવાનો લક્ષ્યાંક છે.
- અત્યાર સુધી આ લક્ષ્યાંકનો માત્ર 56% જ હાંસલ થયો છે.

## ટકાઉ વિકાસ લક્ષ્યો પર ભારતનું પ્રદર્શન

2030ના એજન્ડાના ભાગરૂપે 2015માં સંયુક્ત રાષ્ટ્રના 192 સભ્યો દ્વારા અપનાવવામાં આવેલા 17 ટકાઉ વિકાસ લક્ષ્યાંકો (SDGs)માં ભારત 120મા ક્રમે છે.

- વર્ષ 2021માં ભારત 192 દેશોમાં 117મા સ્થાને હતું.
- ભારતનો એકંદર સ્કોર 100માંથી 66 હતો.
- શૂન્ય ભૂખમરો, સારા સ્વાસ્થ્ય, લિંગ સમાનતા અને ટકાઉ શહેરો અને સમુદાયો સહિતના મુખ્ય પડકારોને કારણે 11 SDGsમાં ભારતનો ક્રમ મુખ્યત્વે નીચે આવ્યો છે.

નોંધ : (1) SDG લક્ષ્યાંક 2030માં ઝારખંડ અને બિહાર છેલ્લા ક્રમે છે.

(2) કેરળ પ્રથમ તથા તમિલનાડુ અને હિમાચલ પ્રદેશ બીજા ક્રમે છે.

(3) જ્યારે કેન્દ્રશાસિત પ્રદેશોમાં ચંદીગઢ પ્રથમ સ્થાને છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'દાદા સાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ'માં 'ફિલ્મ ઓફ ધ યર' એવોર્ડ કઈ ફિલ્મને મળ્યો છે ?

(A) શિદ્દત (B) પુષ્પા: ધ રાઈઝ (C) બેચરલ (D) અતરંગી **(B)**

2. 'દાદા સાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ'માં 'બેસ્ટ ફિલ્મ' એવોર્ડ કઈ ફિલ્મને મળ્યો છે ?

(A) સૂર્યવંશી (B) ભૂજ: ભારતનું ગૌરવ

(C) વકીલ સાબ (D) શેરશાહ **(D)**

3. 'દાદા સાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ'માં 'બેસ્ટ એક્ટર'નો એવોર્ડ કોને મળ્યો છે ?

(A) રણવીર સિંહ (B) જ્હોન અબ્રાહમ (C) અક્ષય કુમાર (D) સંજય દત્ત **(A)**

4. 'દાદા સાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ'માં 'ટેલિવિઝન સિરીઝ ઓફ ધ યર' એવોર્ડ કોને મળ્યો છે ?

(A) ઈમલી (B) અનુપમા (C) ધ ફેમ ગેમ (D) કામના **(B)**

5. **State of India's Environment Report 2022** સંદર્ભે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

1. આ રિપોર્ટ 'સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટ' અને 'ડાઉન ટુ અર્થ'નું વાર્ષિક પ્રકાશન છે.
2. આ રિપોર્ટ આબોહવા પરિવર્તન, સ્થળાંતર, આરોગ્ય અને ખાદ્યપ્રણાલી પર ધ્યાન કેન્દ્રીત કરે છે.
3. આ રિપોર્ટમાં દર્શાવ્યા મુજબ ભારતીય અર્થવ્યવસ્થાનું લક્ષ્ય વર્ષ **2022-23** સુધીમાં **GDP**ને વધારીને **4** ટ્રિલિયન અમેરિકન ડોલર કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER

## ગુજરાત

➤ **રાજ્યની 9 નગરપાલિકાઓમાં 11 સ્થળોએ અંદાજે 1.90 મેગાવોટ ક્ષમતાના સોલાર પ્લાન્ટ સ્થપાશે**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દેશમાં બિન પરંપરાગત ઊર્જા સ્ત્રોતના ઉપયોગનો વ્યાપ વધારી ગ્રીન ક્લીન એનર્જી માટેના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહવાનને સાકાર કરતા રાજ્યમાં 9 નગરપાલિકાઓને 11 સોલાર પ્લાન્ટ સ્થાપવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ સોલાર પ્લાન્ટની સ્થાપના માટે રૂ. 12.36 કરોડના કામોને અનુમતિ આપી છે. આ માટે 9 નગરપાલિકાઓમાં સાણંદ, પોરબંદર–છાયા, ખેડબ્રહ્મા, ભુજ, હિંમતગનર, અમરેલી, રાજપીપળા, દેહગામ અને ગાંધીધામમાં કુલ 11 સ્થળોએ પ્લાન્ટ સ્થપાશે. આ નવ નગરપાલિકાઓમાં કુલ 1.90 મેગાવોટ ક્ષમતાના સોલાર પ્લાન્ટ કાર્યરત થવાથી આગામી સમયમાં વાર્ષિક 1.97 કરોડ રૂપિયાની વીજ ખર્ચ બચત પણ થશે.

➤ **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગાંધીનગરમાં જાહેર ફરિયાદ નિવારણ કાર્યક્રમ ‘SWAGAT Online’ દ્વારા વાર્તાલાપ કર્યો**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરમાં જાહેર ફરિયાદ નિવારણ કાર્યક્રમ 'SWAGAT Online' દ્વારા વાર્તાલાપ કર્યો હતો. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સામાન્ય માનવીની રજૂઆત, ફરિયાદનું ન્યાયી અને સમયસર નિવારણ થાય તે જોવાનો જિલ્લા અધિકારીઓને અનુરોધ કર્યો હતો. આ સંદર્ભમાં તેમણે જણાવ્યું હતું કે પ્રજાજનોના પ્રશ્નો, સમસ્યાઓની રજૂઆતોના વાજબી નિરાકરણ માટે ટેક્નોલોજીના ઉપયોગથી શરૂ થયેલો સ્વાગત ઓનલાઈન જનફરિયાદ કાર્યક્રમ હવે કોરોના સંક્રમણની સ્થિતિ હળવી થતાં નિયમિત પણે યોજાય તે જરૂરી છે. રાજ્યના નાગરિકો–જનતા જનાર્દનની ફરિયાદો રજૂઆતોના ટેક્નોલોજીના માધ્યમથી સંવાદ–માર્ગદર્શન દ્વારા નિવારણનો આ ‘સ્ટેટ વાઈડ એટેન્શન ઓન પબ્લિક ગ્રીવન્સીસ બાય એપ્લિકેશન ઓફ ટેક્નોલોજી’ (SWAGAT) કાર્યક્રમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં તેમના મુખ્યમંત્રી પદકાળ દરમિયાન 2003થી શરૂ કરાવેલો છે. આ ‘સ્વાગત’ કાર્યક્રમ અંતર્ગત દર મહિનાના ચોથા ગુરૂવારે યોજાતા રાજ્ય સ્વાગતમાં મુખ્યમંત્રીશ્રી નાગરિકોની ફરિયાદો અને રજૂઆતો પ્રત્યક્ષ સાંભળે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **ઈમિગ્રેશન વિઝા ફોરેનર રજિસ્ટ્રેશન ટ્રેકિંગ (IVFRT) યોજના**

તાજેતરમાં સરકારે 31 માર્ચ, 2026 સુધીના સમયગાળા માટે રૂ. 1,364.88 કરોડના નાણાકીય ખર્ચ સાથે 'ઈમિગ્રેશન વિઝા ફોરેનર્સ રજિસ્ટ્રેશન ટ્રેકિંગ' (IVFRT) યોજના ચાલુ રાખવાની મંજૂરી આપી છે. આ યોજના ઈમિગ્રેશન, વિઝા ઈશ્યુ, વિદેશીઓની નોંધણી અને દેશમાં તેમની પ્રવૃત્તિઓને ટ્રેક કરવા સંબંધિત કાર્યોને એકબીજા સાથે જોડવા અને ઓપ્ટિમાઈઝ કરવાનો પ્રયાસ કરે છે. તેનો મુખ્ય ઉદ્દેશ ઈમિગ્રેશન અને વિઝા સેવાઓને આધુનિક અને અપગ્રેડ કરવાનો છે.

➤ **રાષ્ટ્રીય વયોશ્રી યોજના (RVY)**

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયની રાષ્ટ્રીય વયોશ્રી યોજના (RVY) હેઠળ 985 વરિષ્ઠ નાગરિક લાભાર્થીઓમાં 48,000 દૈનિક જીવન સહાય અને સહાયક ઉપકરણોનું વિતરણ કરશે. રાષ્ટ્રીય વયોશ્રી યોજના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા વર્ષ 2017માં શરૂ કરવામાં આવી હતી. તે વરિષ્ઠ નાગરિક કલ્યાણ ભંડોળમાંથી ધિરાણ કરાયેલ કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે. આ ભંડોળ અથવા ફંડને વર્ષ 2016માં જાહેર કરવામાં આવ્યું હતું. નાના બચત ખાતાઓ, PPF અને EPFમાંથી તમામ દાવા વગરની રકમ આ ફંડમાં ટ્રાન્સફર કરવામાં આવે છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ગરીબી રેખા નીચે (BPL) કેટેગરીના વરિષ્ઠ નાગરિકોને સહાય અને સહાયક ઉપકરણો પ્રદાન કરવાનો છે. જેઓ વય–સંબંધિત વિકલાંગતા જેવી કે ક્ષતિગ્રસ્ત દૃષ્ટિ, સાંભળવાની ક્ષતિ, દાંતની ખોટ અને ચાલવામાં ખલેલ છે. આ યોજના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય હેઠળના જાહેર ક્ષેત્રના ઉપક્રમ, આર્ટિફિશિયલ લિમ્બ્સ મેન્યુફેક્ચરિંગ કોર્પોરેશન CALIMCO દ્વારા લાગુ કરવામાં આવી રહી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **ભારતનો પ્રથમ ઈ-વેસ્ટ ઈકો-પાર્ક દિલ્હીમાં ખોલવામાં આવશે**

24 ફેબ્રુઆરી, 2022ના રોજ દિલ્હીના નાયબ મુખ્યમંત્રી શ્રી મનીષ સિસોદિયાએ જાહેરાત કરી હતી કે ભારતનો પ્રથમ ઈ–વેસ્ટ ઈકો–પાર્ક (અથવા ઈ–કચરા ઈકો પાર્ક) દિલ્હીમાં ખોલવામાં આવશે. વધતા ઈ–કચરાનો સામનો કરવા માટે દિલ્હીમાં પ્રથમ ઈલેક્ટ્રોનિક–વેસ્ટ ઈકો ફ્રેન્ડલી પાર્ક સ્થાપવામાં આવશે. કચરાનો નિકાલ, રિસાયકલિંગ સુરક્ષિત અને વૈજ્ઞાનિક રીતે કરવામાં આવશે. તે 20 એકર જમીનમાં બનાવવામાં આવશે.

➤ **ભારતમાં પ્રથમ વખત OCEANS 2022 કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું**

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી મદ્રાસ રિસર્ચ પાર્કે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓશન ટેક્નોલોજી (NIOT)ના સહયોગથી OCEANS 2022 કોન્ફરન્સનું આયોજન કર્યુ હતું. OCEANS કોન્ફરન્સ એ વૈશ્વિક દરિયાઈ સંશોધકોની દ્વિ–વાર્ષિક ઈવેન્ટ છે. ભારતમાં પ્રથમ વખત તેનું આયોજન કરવામાં આવ્યું છે. ઓશન ટેક્નોલોજી સોસાયટી અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈલેક્ટ્રિક એન્ડ ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગ (IEEE) ઓશન એન્જિનિયરિંગ સોસાયટી વતી OCEANS 2022 કોન્ફરન્સનું સંકલન કરી રહ્યા છે. આ કોન્ફરન્સમાં ક્લાઈમેન્ટ ચેન્જ, ગ્લોબલ વોર્મિંગ, દરિયાઈ પ્રદૂષણ, માઈક્રોપ્લાસ્ટિક્સ, હવામાનની અનિશ્ચિતતા અને દરિયાકાંઠાના ધોવાણનો સામનો કરવા જેવા વિષયો પર પ્રતિનિધિઓ દ્વારા 400 પ્રસ્તુતિઓ દર્શાવવામાં આવી હતી. OCEANS 2022ની થીમ 'Inspire-innovate-sustain' હતી.

➤ **શ્રીમંત શંકરદેવ (Srimanta Sankardeva)**

15મી સદીના સંત અને સમાજ સુધારક શ્રીમંત શંકરદેવે બત્રાદવ (આસામ)થી કૂચબિહાર (પ. બંગાળ)ની યાત્રા દરમિયાન ઓછામાં ઓછું એક રાત્રી રોકાણ જ્યાં કર્યુ હતું તે સ્થળોએ આસામ સરકારે 'નામઘરો' (વૈષ્ણવ મઠ) સ્થાપવાનું નક્કી કર્યુ છે. આસામ સરકાર યાત્રાળુઓ માટે તે સ્થળોને આવરી લેવા માટે ASTC હેઠળ વિશેષ બસ સેવા શરૂ કરવાની યોજના પણ બનાવી રહી છે. દિબ્રુગઢ જિલ્લાના નાદરકટિયા ખાતે શ્રીમંત શંકરદેવ સંઘના 91મા વાર્ષિક અધિવેશન દરમિયાન આ જાહેરાત કરવામાં આવી હતી. શ્રીમંત શંકર દેવ 15મી-16મી સદીના આસામી સંત–વિદ્વાન, નાટ્યકાર, સંગીતકાર અને સમાજ

➤ **ભારત-બેલ્જિયમ વચ્ચે રાજદ્વારી સંબંધોના 75 વર્ષ પૂર્ણ**

25 ફેબ્રુઆરી, 2022ના રોજ ભારત અને બેલ્જિયમ વચ્ચેના રાજદ્વારી સંબંધોના 75 વર્ષની સ્મૃતિમાં એક વિશેષ લોગોનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ લોગો ભારતમાં બેલ્જિયમના રાજદૂત ફ્રેન્કોઈસ ડેલ્હે અને સંદીપ ચક્રવર્તી દ્વારા બહાર પાડવામાં આવ્યો હતો. આ લોગોમાં મોર છે, જે ભારતનું રાષ્ટ્રીય પક્ષી છે. બંને દેશોના રાષ્ટ્રધ્વજ મોરની બંને બાજુઓ પર દર્શાવવામાં આવ્યા છે.

➤ **જન ઔષધી દિવસ સપ્તાહ**

1થી 7 માર્ચ 2022 દરમિયાન રસાયણ અને ખાતર મંત્રાલય દ્વારા જન ઔષધી દિવસ સપ્તાહનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ભારત સરકારે માર્ચ 2025ના અંત સુધીમાં પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધી કેન્દ્રો (PMBJKs)ની સંખ્યા વધારીને 10,500 કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. ચોથા જન ઔષધી દિવસની થીમ 'જન ઔષધી–લોકો માટે ઉપયોગી' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **નેશનલ ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી (ICT) એવોર્ડ-2022**

કેન્દ્રીય શિક્ષણ રાજ્યમંત્રી અન્નપૂર્ણા દેવીએ દેશભરમાંથી 49 શિક્ષકોને રાષ્ટ્રીય માહિતી અને સંચાર ટેક્નોલોજી (ICT) પુરસ્કારો અર્પણ કર્યા હતા. નોંધનીય છે કે ICT એવોર્ડ શિક્ષણ મંત્રાલય (અગાઉ માનવ સંસાધન વિકાસ મંત્રાલય) દ્વારા શાળાના શિક્ષકોને આપવામાં આવે છે. આ પુરસ્કારનો હેતુ શાળાના શિક્ષકોને સન્માનિત કરવાનો છે જેમણે શાળાના શિક્ષણની ગુણવત્તામાં સુધારો કર્યો છે અને માહિતી અને સંચાર તકનીક દ્વારા તેમના વિદ્યાર્થીઓના જીવનને સમૃદ્ધ બનાવ્યું છે.

➤ **MyGOVએ 'સબકા વિકાસ મહાક્વિઝ' શ્રેણી લોન્ચ કરી**

સુશાસન વિશે નાગરિકોમાં જાગૃતિ લાવવા માટે MyGOVએ 'સબકા વિકાસ મહાક્વિઝ' શ્રેણી શરૂ કરી છે. તે 1 માર્ચ 2022ના રોજ લોન્ચ કરવામાં આવ્યું છે. આ યોજના કોવિડ-19 મહામારી વચ્ચે ગરીબો દ્વારા સામનો કરવામાં આવતા પડકારોને પહોંચી વળવા અને સરકારની અનેક યોજનાઓ અને પહેલો વિશે સહભાગીઓને સંવેદનશીલ બનાવવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવી છે. 'સબકા વિકાસ મહાક્વિઝ' એક વર્ષનો લાંબો પ્રોજેક્ટ છે. તેમાં 14 એપિસોડનો સામાવેશ થાય છે. અને Quiz.MyGOV.in પર હોસ્ટ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ

➤ **ઉષ્ણ કટિબંધિય ચક્રવાત ઈમનાતી (Emnati)એ મેડાગાસ્કરમાં ભારે વિનાશ કર્યો**

ચક્રવાત ઈમનાતીએ મેડાગાસ્કરમાં ભારે વિનાશ કર્યો છે. આ ચક્રવાત મનાકારાના દક્ષિણપૂર્વ જિલ્લાની ઉત્તરે લેન્ડફોલ થયું હતું. નોંધનીય છે કે આ અગાઉ 5 ફેબ્રુઆરીના રોજ અન્ય એક તો ચક્રવાત બાત સિરાઈ ટાપુ પર ત્રાટક્યુ હતું. દર વર્ષે નવેમ્બર અને એપ્રિલની વચ્ચે આ ટાપુ ઘણા ચક્રવાત અને તોફાનો માટે સંવેદનશીલ હોય છે.

➤ **કેનેડામાં છોડ આધારિત નિર્મિત COVID રસી બનાવવામાં આવી**

છોડ આધારિત COVID-19 રસીના ઉપયોગને અધિકૃત કરનાર કેનેડા વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે. મેડિકેગો (Medicago)ની બે ડોઝની રસી 18થી 64 વર્ષની વયના લોકોને આપી શકાય છે. આ રસીને અધિકૃત કરવાનો નિર્ણય 24,000 પુખ્ત વયના લોકો પર કરવામાં આવેલા અભ્યાસના આધારે લેવામાં આવ્યો હતો. જેમાં દર્શાવવામાં આવ્યું હતું કે કોવિડ-19ને રોકવામાં રસીની અસરકારકતા દર 71% છે, જોકે આ ટ્રાયલ ઓમિક્રોન સંસ્કરણ બહાર આવે તે પહેલા કરવામાં આવ્યા હતા. મેડિકાગો કેનેડાના ક્વિબેક શહેરમાં સ્થિત છે.

- **એનોનિમસ (Anonymous) હેકર ગ્રુપે રશિયા સામે સાયબર યુદ્ધ જાહેર કર્યું**

એનોનિમસ (Anonymous) એક આંતરરાષ્ટ્રીય હેક્ટીવિસ્ટ જૂથ અને ચળવળ છે જે સરકારી એજન્સીઓ અને સંસ્થાઓ, સરકારો, કોર્પોરેશનો સામે તેના સાયબર હુમલાઓ માટે જાણીતી છે. વર્ષ 2003માં એનોનિમસની ઉત્પત્તિ ઈમેજબોર્ડ 4chan પર થઈ હતી. યુક્રેન પર રશિયન આક્રમણ બાદ રશિયા સામે સાયબર યુદ્ધ જાહેર કર્યુ હતું અને સરકારી વેબસાઈટ્સને નિશાન બનાવી હતી.

- **સ્વિસ એરલાઈન્સ સૌર ઈંધણનો ઉપયોગ કરનારી પ્રથમ એરલાઈન બની**

લુફથાન્સાની પેટાકંપની સ્વિસ એરલાઈન્સ સૌર ઈંધણનો ઉપયોગ કરનાર વિશ્વની પ્રથમ એરલાઈન બનવાનું આયોજન કરી રહી છે. લુફથાન્સા અને સ્વિસે માર્કેટ લોન્ચ માટે ઉત્પાદક સિન્હેલિયન સાથે વ્યૂહાત્મક સહયોગમાં પ્રવેશ કર્યો છે. આ વર્ષે ઔદ્યોગિક ઉત્પાદન માટેનો પ્રથમ પ્લાન્ટ જર્મન રાજ્ય નોર્થ–રાઈન–વેસ્ટ ફેલિયાના જુલિયામાં બાંધવામાં આવશે. 2023માં સ્વિસ તેમનો પ્રથમ ગ્રાહક હશે. ડીલ હેઠળ લુફથાન્સા ગ્રુપ અને સ્વિસ સ્પેનમાં કોમર્શીયલ ઈંધણ ઉત્પાદન સુવિધાઓ વિકસાવવામાં મદદ કરશે જેનું આયોજન સિન્હેલિયન દ્વારા કરવામાં આવ્યું છે.

- **UAE FATF ગ્રે લિસ્ટમાં સામેલ**

તાજેતરમાં ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF)એ તેની ગ્રે લિસ્ટમાં 'સંયુક્ત આરબ અમીરાત' (UAE)નો સમાવેશ કર્યો છે. 2018થી પાકિસ્તાનને પણ FATFની ગ્રે લિસ્ટમાં મુકવામાં આવ્યું છે. FATF એ 1989માં G7 દેશો દ્વારા સ્થાપિત આંતર સરકારી સંસ્થા છે. તેનું કાર્ય મની–લોન્ડરિંગ અને આતંકવાદને ધિરાણ આપવાનો સામનો કરવા માટે નાણાકીય વ્યવસ્થામાં સુધારાને પ્રોત્સાહન આપવાનો છે. જો કોઈ દેશને FATF ગ્રે લિસ્ટમાં મુકવામાં આવે છે તો FATF દ્વારા 'મની લોન્ડરિંગ, આતંકવાદી ધિરાણ અને પ્રસાર ધિરાણ' સામે લડવામાં કોઈપણ ખામીઓ અથવા ક્ષતિઓ માટે તેની નજીકથી દેખરેખ અને તપાસ કરવામાં આવશે. UAEને આ લિસ્ટમાં સમાવેશના કારણોમાં ભંડોળના ગેરકાયદેસર પ્રવાહને રોકવા માટે પૂરતી નાણાકીય રિપોર્ટિંગ ક્ષમતાનો અભાવ, શંકાસ્પદ નાણાકીય વ્યવહારોને સતત ઓળખવા અને જાણ કરવામાં અસમર્થતા, આતંકવાદ ધિરાણ અને મની લોન્ડરિંગના કેસોની અપુરતી તપાસ અને કાર્યવાહી, જ્વેલરી, રિયલ એસ્ટેટ વગેરેમાં જોખમો અને નબળાઈઓનું સંચાલન કરવામાં અસમર્થતા વગેરેનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

- ગુજરાત રાજ્યની કેટલી નગરપાલિકાઓમાં 11 સ્થળોએ અંદાજે 1.90 મેગાવોટ ક્ષમતાના સોલાર પ્લાન્ટ સ્થપાશે ? – 9
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં ગાંધીનગરમાં જાહેર ફરિયાદ નિવારણ કાર્યક્રમ ............... દ્વારા વાર્તાલાપ કર્યો હતો. – SWAGAT Online
- તાજેતરમાં સરકારે IVFRT યોજના ચાલુ રાખવાની મંજૂરી આપી છે. આ IVFRTનું પૂરું નામ જણાવો ? – ઈમિગ્રેશન વિઝા ફોરેનર રજિસ્ટ્રેશન ટ્રેકિંગ
- રાષ્ટ્રીય વયોશ્રી યોજના (RVY) કયા મંત્રાલય હેઠળની યોજના છે ? – સામાજિક ન્યાય અને અધિકારિતા
- તાજેતરમાં મેડાગાસ્કરમાં કયા ચક્રવાતે ભારે વિનાશ સર્જ્યો છે ? – ઈમનાતી
- તાજેતરમાં કયા દેશમાં છોડ આધારિત નિર્મિત COVID રસી બનાવવામાં આવી છે ? – કેનેડા
- ભારતનો પ્રથમ ઈ–વેસ્ટ ઈકો–પાર્ક............માં ખોલવામાં આવશે. – દિલ્હી
- તાજેતરમાં કયા હેકર ગ્રુપે રશિયા સામે સાયબર યુદ્ધ જાહેર કર્યુ છે ? – એનોનિમસ
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી મદ્રાસ રિસર્ચ પાર્ક.............ના સહયોગથી 'OCEANS 2022' કોન્ફરન્સનું અયોજન કર્યુ હતું. – નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓશન ટેક્નોલોજી
- 15મી સદીના સંત અને સામાજ સુધારક શ્રીમંત શંકરદેવની બત્રાદવથી કૂચબિહારની યાત્રા દરમિયાન જે સ્થળે રાત્રી રોકાણ કર્યુ હતું. તે સ્થળો પર કઈ રાજ્ય સરકાર 'નામઘરો' (વૈષ્ણવમઠ) સ્થાપશે ? – આસામ
- ભારત–બેલ્જિયમ વચ્ચે રાજદ્વારી સંબંધોના કેટલા વર્ષ પૂર્ણ થયા છે ? – 75
- 1થી 7 માર્ચ 2022 દરમિયાન........................મંત્રાલય દ્વારા જન ઔષધી દિવસનું આયોજન કરવામાં આવી રહ્યું છે. – રસાયણ અને ખાતર
- કેટલા શિક્ષકોને 'નેશનલ ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી (ICT) એવોર્ડ-2022' અર્પણ કરવામાં આવ્યો છે ? – 49
- કઈ એરલાઈન્સ સૌર ઈંધણનો ઉપયોગ કરનારી પ્રથમ એરલાઈન્સ બનશે ? – સ્વિસ એરલાઈન્સ
- તાજેતરમાં કયા દેશને FATF ગ્રે લિસ્ટમાં સમાવેશ કરવામાં આવ્યો છે ? – UAE
- ..............એ 'સબકા વિકાસ મહાક્વિઝ' શ્રેણી લોન્ચ કરી છે. – MyGOV

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. જમીની દ્વીપ (Zmiinyi Island/Snake Island) જે તાજેતરમાં સમાચારમાં હતો તે કયા મહાસાગરમાં આવેલ છે ? – કાળો સમુદ્ર
2. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'મિલેનિયમ ચેલેન્જ કોર્પોરેશન' (MCC) કયા દેશની પહેલ છે ? – અમેરિકા
3. મૃત્યુના કિસ્સામાં હિટ–એન્ડ–રન પીડિતોના નજીકના સંબંધીઓ માટે સુધારેલ વળતર શું છે ? – રૂ. 2 લાખ
(માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે હિટ એન્ડ રન મોટર પીડિતો માટે વળતર યોજના જાહેર કરી છે. તે 1 એપ્રિલ, 2022થી અમલમાં આવશે. યોજના મુજબ મૃત્યુના કિસ્સામાં હિટ એન્ડ પીડિતોના નજીકના સંબંધીઓને વળતર 1 એપ્રિલથી રૂ. 25,000થી વધારીને 2 લાખ રૂપિયા કરવામાં આવ્યું છે. હિટ એન્ડ રન કેસમાં ગંભીર રીતે ઘાયલ વ્યક્તિને વળતર રૂ. 12,500થી વધારીને રૂ. 50,000 કરવામાં આવ્યું છે.)
4. ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સી (IAEA)નું મુખ્યમથક કયાં આવેલું છે ? – વિયેના
(IAEA એ એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જે પરમાણુ ઊર્જાના શાંતિપૂર્ણ ઉપયોગને પ્રોત્સાહન આપવા અને પરમાણુ શસ્ત્રો માટે તેનો ઉપયોગ અટકાવવાનો પ્રયાસ કરે છે. તેનું મુખ્ય મથક વિયેનામાં છે. તાજેતરમાં IAEAના 35 દેશોના બોર્ડ ઓફ ગવર્નર્સે યુક્રેનને લઈને ઈમરજન્સી બેઠક બોલાવી છે)
5. પૃથ્વી પર સૌથી વધુ પ્રભાવિત ખાડો 'યિલન ક્રેટર' (Yilan Crater) કયા દેશમાં મળી આવ્યો છે ? – ચીન
6. ભારતીય નૌકાદળે કયા શહેરમાં 'ઓપરેશનલ ડેમોન્સ્ટ્રેશન'નું આયોજન કર્યુ હતું ? – વિશાખાપટ્ટનમ
7. રાષ્ટ્રીય સ્તરનો જાગૃતિ કાર્યક્રમ 'સંભવ' કયા કેન્દ્રીય મંત્રાલયની પહેલ છે ? – MSME મંત્રાલય
8. 'વર્લ્ડ ટેક્વોન–ડો'એ શ્રી વ્લાદીમીર પુતિનનો બ્લેક બેલ્ટ પાછો ખેંચ્યો છે. આ બ્લેક બેલ્ટ તેમને કયા વર્ષે આપવામાં આવ્યો હતો ? – 2013
(વર્લ્ડ ટેક્વોન–ડોએ રશિયાના રાષ્ટ્રપતિ શ્રી વ્લાદીમીર પુતિનનો બ્લેક બેલ્ટ પાછો ખેંચ્યો છે. આ બ્લેક બેલ્ટ તેમને વર્ષ 2013માં આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત ઈન્ટરનેશનલ ઓલિમ્પિક સમિતિ (IOC)એ વ્લાદીમીર પુતિનને વર્ષ 2011માં આપેલા 'ઓલિમ્પિક ઓર્ડર' સન્માનને પણ પાછું ખેચ્યું છે.)
9. 'રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ' (NCPCR)નું નવું સુત્ર શું છે ? – ભવિષ્યો રક્ષતિ રક્ષિતઃ
10. પ્રોજેક્ટ 15B હેઠળ ભારતના ચાર સ્ટીલ્થ ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયરમાંથી પ્રથમનું નામ જણાવો ? – INS વિશાખાપટ્ટનમ
(તાજેતરમાં આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી શ્રી જગન મોહન રેડ્ડીએ વિનાશક INS વિશાખાપટ્ટનમને સમર્પિત કર્યુ છે. તેનું નામ સિટી ઓફ ડેસ્ટિની એટલે કે વિશાખાપટ્ટનમ પરથી રાખવામાં આવ્યું છે. પ્રોજેક્ટ 15B હેઠળ ચાર સ્ટીલ્થ ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર્સમાં તે ભારતનું પ્રથમ છે.)
11. બેરેન્ટ્સ સાગર (Barents Sea) જે તાજેતરમાં ચર્ચામાં રહ્યું છે. તે કયા બે દેશોના દરિયા કિનારા પર સ્થિત છે ? – રશિયા–નોર્વે

INSTITUTE FOR COMPETITIVE EXAMS

12. કઈ સંસ્થાએ 'નેશનલ ઈનોવેશન કોન્ક્લેવ ઓન લો કાર્બન ટેક્નોલોજીસ'નું આયોજન કર્યુ હતું ? – ઊર્જા કાર્યક્ષમતા બ્યૂરો

13. યુક્રેન કેટલા યુરોપિયન યુનિયન (EU) સભ્ય દેશો સાથે સરહદો ધરાવે છે ? – ચાર
(હંગેરી, પોલેન્ડ, સ્લોવાકિયા (પશ્ચિમ) અને રોમાનિયા (દક્ષિણ) નામના ચાર યુરોપિયન યુનિયન (EU) સાથે સરહદ ધરાવે છે.)

14. ................સરકાર યુવા સાહસિકોને મોટું પ્લેટફોર્મ પૂરું પાડવાના ઉદ્દેશ્ય સાથે 'બિઝનેસ બ્લાસ્ટર્સ ઈન્વેસ્ટમેન્ટ સમિટ અને એકસ્પોનું આયોજન કરશે. – દિલ્હી

15. Youtubeના વધતા સર્જક ઈકોસિસ્ટમે ભારતના GDPમાં..........કરોડનું યોગદાન આપ્યું છે. – રૂ. 6800 કરોડ

16. 'Meity Startup Hub' (MSH) નામની નોડલ સંસ્થા સ્ટાર્ટ–અપ, ટેક્નોલોજી ઈનોવેશન અને બૌદ્ધિક સંપાદાના નિર્માણને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે..................મંત્રાલયના કાર્યક્ષેત્ર હેઠળ સ્થાપિત કરવામાં આવી છે. – ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય

17. ................મંત્રાલય દ્વારા NIMHANS બેંગ્લુરુના સહયોગથી 'સ્ત્રી મનોરક્ષા પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. – મહિલા અને બાળ વિકાસ મંત્રાલય
(તે સમગ્ર ભારતમાં મહિલાઓના માનસિક સ્વાસ્થ્યને સુધારવાના ઉદ્દેશ્યથી શરૂ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ OSC (વન–સ્ટોપ સેન્ટર) કાર્યાકર્તાઓની ક્ષમતા નિર્માણ પર ધ્યાન કેન્દ્રીત કરશે.)

18. ભારત સરકારે તાજેતરમાં..............થી બનેલા રાષ્ટ્રધ્વજની આયાત અને ઉત્પાદનની પરવાનગી આપી છે. આ હેતુ માટે ભારતીય ધ્વજ સંહિતા 2002માં સુધારો કરવામાં આવ્યો છે. – પોલિએસ્ટર

19. તાજેતરમાં કયા સ્થળે કચરો મુક્ત શહેરો માટે સામાજિક સાહસો પર રાષ્ટ્રીય પરિષદ યોજાઈ હતી ? – રાયપુર

20. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'થેય્યમ' (Theyyam) અથવા 'કાલિયટ્ટમ' કયા રાજ્યનું એક ધાર્મિક નૃત્ય છે ? – કેરળ

21. કયા કેન્દ્રીય મંત્રાલયે 'સ્વદેશ દર્શન પુરસ્કાર'ની સ્થાપના કરી છે ? – પ્રવાસન મંત્રાલય

22. ઝપોરિઝ્ઝયા ન્યુક્લિયર પાવર પ્લાન્ટ કયા દેશમાં છે જે તાજેતરમાં ચર્ચામાં હતો ? – યુક્રેન

23. 26 જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભાગ લેનાર રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશોમાં કયા રાજ્યની ઝાંખીને (અથવા ટેબ્લોને) સર્વશ્રેષ્ઠ ઝાંખી તરીકે પસંદ કરવામાં આવી છે ? – ઉત્તરપ્રદેશ

24. તાજેતરમાં ચર્ચામાં રહેલ સુશ્રી શ્રીનિવેતા, સુશ્રી ઈશા સિંહ અને સુશ્રી રુચિતા વિનેરકર કઈ રમત સાથે સંકળાયેલ છે ? – શૂટિંગ
(તાજેતરમાં આ ત્રણેય દિકરીઓએ ISSF શૂટિંગ વર્લ્ડ કપની વિમેન્સ 10 મીટર એર પિસ્તોલ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ હાંસલ કર્યા હતા)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


મહેક મહેક થાય છે, ગ્રામ જગતની માટી
હે તેજસ્વી યુવાનો! આવો બનવા તલાટી...
ધો.12 પાસ માટે સુવર્ણ તક
14 તારીખ સુધી એડમિશન લેનારને 10% DISCOUNT
ફ્રી ટ્રાયલ લેકચર
તલાટી & જૂ.કલાર્ક
ટૂંક સમયમાં સફળતા પ્રાપ્ત કરવાની આક્રમક વ્યૂહરચના
પરીક્ષાલક્ષી મટીરિયલ્સ અને FREE BOOKS
સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાંતો દ્વારા અભ્યાસ
Weekly Test
નવી બેચ
સાંજે - 4:00 TO 6:00
નવા અભ્યાસક્રમ મુજબની પરિણામલક્ષી તૈયારી
એડમિશન વહેલા તે પહેલાના ધોરણે
93757-01110
93280-01110
કાલાવડ રોડ, તિરૂપતી પેટ્રોલ પંપ સામે, સ્વામિનારાયણ મંદિર પાસે, રાજકોટ.
ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
Offline રાજકોટ

# ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ




**આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.**

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT